દોખમે નોશીરવાન.

અથવા

મુસલમાનોનો મશહુર ખાલીફ હારૂન-અલ-રશીદ, શાહાનશાહ નોશીરવાન આદેલનું દોખમું જોવા ગયો તે કીસો.

આવૃતી બીજી.

૨૦૮૫

રચનાર

રૂસ્તમ ઈરાની.

મુંબઇ,
ધોબીતલાવ, નંબર ૮૭૨, વર્તમાન પ્રેસમાં મનચેરજી હોશંગજી જાગોસે
છાપ્યું છે.

કિંમત રૂ૦ા=

સને ૧૮૮૪ ઇશવી.

ખુલાશો.

ઇરાન દેશની દરબારમાં આજ આરસી સદી ઉપર જેવારે સર જાન માલકમ બ્રીટીશ આમબેસડેરના ઓહદા ઉપર ગયો હતો તે વખતે તે સાથ ગયલા વીદ્વાન અંગ્રેજોમાંથી એક જણને આગા મીર સાથ ઓલખાણ થયી હતી. આ આગા મીર ઇરાનમાં મોટા મરતબો ધરાવ્યા સાથ કાબેલ ને ઓલમા હતો, તેણે એક ફારસી કેતાબ બ્રીટીશ વકીલાતખાતાના તે ઇંગ્રેજ વીદ્વાનને દેખાડી હતી, તે તેણે પોતાના પુસ્તકમાં છપાવી હતી. તેમાં શાહાનશાહ નોશીરવાનનું દોખમું ખલીફ હારૂન-અલ-રશીદ જોઇ આવ્યો અને તે દરમ્યાન મલેલી નશીઅતો પેહલવી હતી. તે ફારસી તરજુમો થયલી આજ પણ ઇરાનમાં દરેક બચું શાહેર શેખશાદી શીરાજીની ગુલસ્તાન માફક શીખેછે, ને તેમાં આવેલી ચાનાક યાદ રાખવામાં પોતાને લાભ સમજેછે.

તેમજ:—

એક પારસી ગરહસ્થને તાંહાંની જુની કેતાબમાં એ બાબત મ્હારા વાંચવામાં આવી અને પસંદ પડયાથી મેં મ્હારો ખ્યાલ દોડાવી તે વીગતને બરાબર ગોઠવી આજ તેર વરશ ઉપર 'ક્રીટીક' નામના વખણાયલા અઠવાડયાના પત્રમાં આપી હતી, તે પછે વિદ્યા મિત્રમા દાખલ કરી હતી, અને તે ઉપરથી તેની જુદી ચોપડી પણ બાહેર પાડી હતી, તે ખપી ગયાથી આ તેની બીજી આવૃતી બાહેર પાડી છે. આ અમારી દોખમે નોશીરવાંનની સાદી હસ્તી છે. જે બાબતો કીસામાં આવી છે તે જેવી મને હાથ લાગીછે તેમાં વાંચવા લાયક વધતો ઓછો ફેરફાર કરયો છે. જે દેખાવો, જે બયાંનો ને નવી નવાઇ ને નશીઅતો છે તે નામીચા ખાલીફને તે જમાનામાં મલેલી, આબેહુબ છે. ખાલીફ હારૂન-અલ-રશીદ, શાહાનશાહ આદેલ નોશીરવાન પાછલ લગભગ ૨૦૦ વરશે બગદાદના તખત ઉપર આવ્યો હતો, અને તે મોટા મરતબાવાળા તે જમાનાના આલમના મોટા બેરખાહ ખલીફે પોતા આગલ ૨૦૦ વરશ થઇ ગયલા શાહાનશાહ નોશીરવાનનું દોખમું જોયું અને ઇરાની શાહાનશાતનું નામ જેહાનમાં પુરે પુરી જાહોજલાલી ને રોશનાઇથી રોશન કરનારનું અશો રૂવાન નવા સાજપોશાગ સાથ ઘટતી માઉજતે તે મરહુમ શાહાનશાહની આગાઇ માફક દોખમમાં કેડવ્યું, એ બેશક બનેલી વાત ને સાચી હકીકત છે. અને તેનો પાયો ઉપર જણાવ્યા માફક મીર આગા ને પારસી ગરહસ્થ બંધે તરફના મલેલાં સાધણ છે.

દોખમે નોશોરવાન.

અથવા

મુસલમાનોના મશહુર ખલીફ હારૂન-અલ-રશીદ, શાહાનશાહ નોશીરવાન આદેલનું દોખમું જોવા ગયો તે કીસો.

બગદાદ શહેરની બામદાદ—નોશેરવાનનાં પાયતખતનો પતો.

ઝલકતા આફતાબની સોનેરી કલગીર આસમાનના તખતા ઉપર જગમોજલાલ ચલકાતથી રોશન થઇ હતી, અને બગદાદ શેહેર ઉપરનો અંધકારનો પડદો તરત ઉચકાયો હતો, તેથી એશોઆનું નામીચું એ શેહેર તેની જાહોજલાલી તેમ દબદબાએ તલેશમ મીશાલે ખીલતું ચાલીઉ મેહેલો અને મશજીદોના બુલંદ કંગુરાઓનાં સોનેરી રંગ આફતાબની રોશનીથી આસમાનતાઇ દેખાતાં તમામ દમામ અને દોરમાં ખુલ્લાં થયાં હતાં. મોહટી મસજીદમાં સોદાગરો, દરબારીઓ, મુલાંઓ, કાજીઓ, મીરો, શાહાજાદાઓ વગેરે, શું અદના કે આલા, સરખી રીતે દીન મહજબની તાબેદારીમાં ગુઠણ મરડીએ ગુઠાયા હતા, તેવામાં ખલીફ બંદગીની બાંગ આફતાબના પેહેલા ઝમકારાથી ગુજારી. સહુ પોત પોતાની ફરજ અદા કરવાથી તનદરોસત અને મગરૂર મીજાજે ફરાગત પામી ચાલતા થયા. આફતાબનાં આસમાનમાં દમબદમ ચઢવા સાથ બગદાદીઓ પોત પોતાના પેશામાં મશગુલ થતા ચાલ્યા. કાજીઓ ઇનશાફના મકાંનમાં ગંભીરતાથી બીરાજતા, મુળાંઓ અને મોલવીઓ માનવી નીતીના સબકોની વાયજથી મસજીદ ગજાવતા, મીરો પોતાની દબદબા સાથની સવારીથી પાખરબંદી ઘોડા ઝોકાવતા, દરબારીઓ પોતપોતાની પડવીના જભા ને કોલાહથી અને શાહજાદાઓ દમામી કોલાહ અને જરી પોશાગ સાથ કમરે લટકતી શમશેર અને હાથમાં સોનાના ચાબુકે ઘોડેસવાર, પેહલવાની ઢપે ખલીફના મેહેલ તરફ વધતા હતા. શોદાગરો, એક જાતની લેવડ દેવડના કરનારા નહી, પણ કંઇ કંઇ તરેહ તરેહ, જેમક ઘોડાના, ઝવેરના, રેશમ અને ઉન કપડના, જર જહવેરી પોશાગોના, હાથીદાંતના, શુનાચાંદીના, બેમુલાં પથરની બાજુબંદના, ખુશબોના, મેદીના, દવાના, હથીઆર-બખતરના, ખુબશુરત ગુલાંમબાંદીના, નવી નવાઇ રીતે શીખવેલાં સોહામણાં પંખી, અને સુના ને હીરકણીજરાવ શાંકલીથી બેમુલાં પીજરાંનાં ખુબ હુલક લલકારતા બાંધેલા બુલબુલોના વગેરે પોતાના પેશામાં બીરાજતા જતા હતા. આ પળે કાશમીરી ઊંચી શોઆલો વેચનાર કાશમીરીની દુકાન ખુલી થઇ, તો બીજી પળે ચીનના રેશમ ને જર-કારીગરીના રેજાઓ વેચનાર વેપારી ચીનો પોતાની પેહેડી ખોલી બેઠો, તો તે પાછલ હબશાનનાં હાથીદાંત અને સોનાના શોદાગરો તાજીમથી બીરાજ્યા, કે પછે હીંદનાં જર જહવેરની લેવાલીથી બગદાદનું બજાર હલી મલી રહેલું છે. મીશરની મોટી અને તે તરફની કારીગરીની બાજુબંદો ઉપર બગદાદી મેહેબુબોની બાંદીઓની ઢમાલ ચાલી હતી. ઇરાનની ખુશબો અને કવીતા લખાનની કેતાબો ઉપર ભલભલા મરદ ઓરતો ભારી કિંમતે ખરીદી ચલાવેછે, અને યુનાનની

દવા સોનાને તોલે હકીમો પોતાના ધરાકો ખાતર ખરીદેછે. આરબસ્થાનના સરસ ઘોડાઓ પાદશાહી મેહેલની કીમતે સુનન-દાઓ લેતાંજ તે પંખેરૂ ચલનના જાનવરની તપાસથી તે જમીન ઢઢણાવેછે, વગેરે ખુબસુરત ગુલાબી ચેહેરેની બાંદીઓ અને નવજુવાન ગુલામો, પેહેલવાનોને બરના બખતરો અને હથીઆરો, માનવી બોલી બોલનારાં બેકીમતી પંખેરાંઓ, બાધુગીની તરેહ તાલીમ લીધેલાં રંગ રંગીન વાંદરો, અકલ અને નજર હેરત કરનારા તરેહતરે નાચનારા સાત-રંગીન મોરો, ગાયનકર હીરામનો, તુતીઓ, મેનાઓ, અને કસબી જરતારી ભરતના હોઢણ અને હીરાજડીત સાકલની જંજીરમાં ખાલેશ ચાંદીનાં પીજ-રાંમાં મધુર રાગ ગજાવતાં બુલબુલ મેના વગેરે તમામ જમાવથી બગદાદનો પરચુરણ બજારવાડો ખરે બાદશાહી ગંજખાનું હતું. કઇ કંઇ બુલંદ હવેલી અને બાગબગીચા-ઓમાં દરાણીઓ પોતાની અસીલ અને શીયાણી લચન અને તેજીમાં, મોજ જોક કે કામમાં, કંઈ કંઇ બાગ બગીચાના એવાનમાં મગરેબ લેહેકીથી નાગતાં જુલ-
પાંનો ફાંના ગુછરાંવાલી ગજલો લલકારતી અને સેતાર લંબાવતી ગારજયન અને શરકારયન ગુલબદનીઓ નખરાં ને નાજનાં છશકથી મોહબતના ઝમકાટમાં! તુંદ તુરકાઓ, અસલ આરબો, આજેજ આરમાનીઓ, અકલમંદ હીંદુઓ, અને પક્કા ખરીસટીઓ પોતાને પોશાગે અને સ્વભાવે બગદાદને મુબારકબાદી આપતા હતા; જાણે તમામ દીન દુનીયાં જાણવા સારૂ આ એક શેહેર, સોભા, સપાઇ, નવાઇ અને જુદીજુદી જાતીના માનવી, જનાવર, અને વસતુ, મેલાવડાથી દીપતું હતું.

સંગેમરમરનો મોહોટો મેહેલ, જેના ઉચાં શુનેરી ઘુંબજો ગોયા આસમાનમાં આસાયલા, એવો બુલંદ પાહાડ મીશાલે દેખાયછે. તેની ઉપર કીરણો તે સંગેમરમરની સફાઇને ઝ દીપાવેછે, ફરતી તે મેંહેલને ચુનાની ક કાલા પથરની દેવાલ, લોખનની કીલેબંદી જેવીછે, તે કીલેબંદીના મોહટા બે દરવાજાને મથાલેના કંગુરામાં પાદશાહી નગારખાનાનાં બે મુખીય મડકો કીધેલાં છે, જેમાંથી દીન અને રાત દમબદમ આશમાન અને જમીન ધુંજે એવા અવાજ નાકલેછે. તે કીલેબંદી દરવાજાની સફો સો સો બખતર અને હથીયારબંદ જવાનો કાંઇ કામ પડયું તો હજારોના મેદાનને ઘુમાવા હાજરના હાજરજ છે. બીજા પાંચ હજાર હથીયારબંદ ચ ટોલાં તે કીલેબંદી આસપાસ ચોકી ખા ફરતા ને ફરતાજ છે. તે મેહેલની મગરેબ બાજુએ પોલાદી જબરી શાંકલથી બાંધેલા આતસી જુસાના પચાસ સોહઓ અને પચાસ ચીતાઓ બુલંદમાં બુલંદ તનના અને તેજ પંજાંનાં તનથી છુટા જુહુલાંનો લેતા રહેલા પોકાર ઉપર પોકારો મારતા ને મારતાજ છે. તે કીલેબંદી દેવાલ ઉપર ગોઠવેલું હથીઆરોનું કુંડાલું આફ-તાબનો તાપ ખેચીને જોનારની નેગાહ નીચી નખાવેછે. કંઇ કંઇ છુટા ઘોડેસવાર જવાન પેહેલવાન બચ્ચા એવાતો તનરબંદ બખતરે ને નાગી સમશેરે હતા, કે આંખ પલકારથીજ કટલ ચલાવવાને બીકુ જરૂરૂણ! તે અજાએબ તરાસ પમાડને કીલેબંદ મેહેલ હારૂન-અલ-રશીદની તખતનશીની હતી; તે પાદશાહાત મેહેલના દરવાજેથી નગારાંના ભારી અવાજા નીકલયા કે, દરબારીઓ અને વજીરો અને મીરો અને શાહાજા-દાઓની સવારી અને સેનાઓ તે દરવાજે પદવી પરમાણે દાખલ થતી ચાલી; અને પછે બાદશાહી કરનાએના અવાજ સાથ નીમા ચાંદનો જુનદા એકાએક વંટોલ મીશાલે હવામાં ફરફર ઉડી ઊભો થયો, કે સપેહસાલારો, સરદારો, સવારો, અને

પીઆદાઓએ મયાનથી કાઢેલી શમશેર હવામાં ઘુમાવીને ઝલકાટના હદીયાથી આપતાબને ઘડીભર જાંખો કીધો. પછે ડાબો દસત છાતીએ મુકીને નીચી નેઘાથી શમશેહેર મયાન કીધી. મજો સ્થીર થયું; જાણે હવાએ પાનવઢીક હીલવવાની હીમત કીધી નહી. પંખી વઢીકનો એક જીનો શરોદ નીકલીયો નહી. મોહટ મોહટા દરબારીઓ નેતર માથાલે ધ્રુજતા બનયા. ઇનસાફનાં અજમતી મકાનમાં ગુનેહગારો પોતાના રડુમંદ નસીબની પેશ્તાં ધ્રુજતા ઇનસાફદાર મુરબ્બીની રાહ શક અને ઇનતેજારીથી જોનારા મીશાલે કમરથી વલેલા અને તવાજોથી ખરે પગે નમેલાઓ વચે જવાહેર મઢેલાં આલેશ ચાંદી હાથીદાંત તખતે ખાલીફ હારૂન-અલ-રશીદ, ઇશલામી મહજબ માનનારાઓનો મુખ્ય પીરાજેઓ. વજીરે દુવાના હાથ પોહોલા કીધા અને તેનો અમલ અને ઊમરની જાલવણી લંબાણ જાલવવાની બાંગેબુલંદ નેક દુવા માહ્યા બાદ તમામ દરબાર મલાજાથી તવાજો બજાવી નીચી નેઘાએ ઉભી.

ખાલીફની તારીફના બેત પાદશાહી શાહેરે ભર મીજલશમાં કહ્યા અને ખાલીફ ખુશ મીજાજે મીજલશીઓને માન ને મોભાની નેઘાથી જોતાં "જાફર! દરબારના કામ શીરૂ કર" એમ બોલી ચોતરફ અબસક નજર ફેરવવા લાગો.

"મુશલમીન મજહબના મુરબ્બી! રૈયત આબાદ અને ખુશાલ છે. આપ પાદશાહાતના સોહા તલે તમામ જાતના અમન અમનમાં છે. તાબેદાર પાદશાહાત કાયદાસર આપણાં વાવટાનો રોબ ઇમાનદારીથી જાલવેછે. આપણાં મોહટાં રાજની હદ એક નાકેથી તે બીજા નાકાં તલગ હોમાયુન ખાલીફના અમલ તલે શાદમાન છે."

"અને પેગમબરના મહજબથી આલવી આ પાદશાહાત આગલ બીજા મહજબના પાદશાહોના અમલમાં આ રવેશ સંપ ખુશાલી ને ચેન અમન તેમ સલાહ ચાલી હતી ?" એમ ખાલીફે પુછયું.

જાફર પોતાના ખાલીફના આ રવેશના અજાએબ શવાલથી ચુપ થયો. દરબારનો દેખાવ દેહસત ભરેલો દેખાવા લાગો અને થોડો વખત સઉ ઇશલામી દરબારીઓના મોહનો લાલ રંગવગર ઝલકાટનો બનીઓ !

"શું કોઇજ પાદશાહ કે પાદશાહત નહો?" એમ ફરી ખાલીફે શવાલ કરીઓ.

મીજલશ દરમયાન એક બુઢો જેની કોતાહ અને જખો તેના મોહટા માનભરેલા મરતબાની નીશાનો હતી, તે ઊઠયો. તાજીમ અને તવાજોની પાદશાહી કીરીઆ કીધા પછે ભારી ગંભીરતાથી—"શાહાનશાહનોશીરવાન આદલનો જમાનો આપણી આ જાઓજલાલ પાદશાહત કરતાંબી વખાણભરેલો ને બુજરેગીથી ગુજરેલો કેહવાયછે. આદલ નોશીરવાન એ નામે પેગમબરની પાક કુરાનમાં ઇજતને પામ્યુંછે. તે શાહનશાહ અને તેની નેક શાહનશાતનો રોબ, ને દમામ ને ઇનશાફ ભરેલો અમલ સેંકડો વરશો ગુજરતાં ઇનશાનની યાદીથી તળ પણ ખીશીઓ નથી. આદલ નોશીરવાન થયલા અને થતા પાદશાહોમાં આફતાબ મીશાલે આશકાર રેહ્યાછે અને રેહશે." એમ બોલીઓ.

"જંગબાજ અમલ ચલાવનારા ફતેહમંદ ઇશલામી ખાલીફ અને સુલતાનોના જમાનાની નોધ તે અદલ નોશીરવાનનાં જમાનાથી શું ઊતરતી ગણાશે ?" એમ ખાલીફે પુછીઉં.

"સીર આકમાં નાખી ચાહુંછું કે જેહાંનમાં ઇશલામી મહજબ અને સુલતનત દીન-બ-દીન વધુ બુલંદ અને બરકરાર થજો, પણ ઇશલામી મહજબના ખાલીફા,

તે આદેલ નોશીરવાનની પાદશાહાત ને ઇનશાફને દાદ પાસ બીજા પાદશાહોગોઆ માહતાબ પાસ સેતારા છે !"

"એશીકર હીમતથી બોલ બુજોરગ દરબારી, કે તેવા જેહાંનના દાદખા આદેલનું રૂવાન કાહાં હમેશની કરારીમાં પડયુંછે ! કે તે એવા કેશરની અવલમંજલ જગાને શેજડો કરવાની મારી ખાએશ થઇછે ! ખાલીફે સવાલ કરીઓ.

"તો શાંભલ ઓ આદેલ હારૂન, ઇશલામી દીનના આફતાબ, સાંભલ કે માહારા બુજોરગ નીઆગાનો કહી ગયાછે, કે મદાયુનમાનાં તેના પાદશાહી મેહેલથી થોડીક ફરસંગ દુર તે નેક આદેલ શાહાનશાહાનું દાખમું છે. જમાનાના ફેરફારથી મદાયુન શેહેર પાયમાલ અને તેનો પાદશાહી મેહેલ ખાકનશીન થયોછે. તોપણ બાજે વખત કોઇ કોઇ મુશાફરોથી તેની નીશાનોનો પતો મારા સાંભલવામાં આવ્યોછે !"

"તારે ઓ પીર દરબારી મરદ, આપણે અગર તે શેહેર તરફ કુચ કરીએ તો તે આદેલનાં દાખમાને શેજડો કરવા પામ્યે ?"

"શેજડો ! નેક બીઆલોનો પાર ઉતારનાર અલ્લા છે. પેગમબરના કસમથી માહારા વડીલોથી સાંભળ્યુંછે તે સાચું કહુંછું, કે મદાયુનના જંગલમાં હજી તે નેક કેશરાનું દાખમું હઇઆત છે. અંદરની કેફીઅતનો હેવાળ કોઇને માલુમ નથી, પણ બાહેરથી દાખમું કાલા પથરની ફરતી દેવાલથી બુલંદ ઉઠાવેલુંછે, તે એટલે તલગ કે નજદીકીમાંથી જોતાં પણ ફકત બુલંદ પાહાડ દેખાયછે. છેક નાવંદની લડાઇ તલગ તેના દરવાજા ખુલતા હતા અને લખો આતશપરસત ગબરો, તે નેક હોમાયુનને શેજડો કરતા હતા; પણ જયારથી ઇરાની પાદશાહાત, જમાનાએ મોકુફ કીધી, ત્યારથી તેનાં દરવાજાની નીશાન કે ચઢવાની સીડીનો પતો, તમામ ગુમ થઇ હવે તે ગોયા એક સીહા અંધારો ગુમબજ જણાયછે."

જેમ વંટોલીઓ પલમાં ફુલાઇ જે વચે આવે તેની પાયમાલી કરી પોતાનો રસતો કાપે, તેમ તે આદેલના દાખમાનાં શેજડાના ખેઆલે ખાલીફના મંનમાંથી રાજપાટનો જોસ્સો નરમ કરી નાખ્યો. તે બોલ્યો—"એકવાર તે નોશીરવાનનાં મેહેલનો દબદબો ને દાખમાનો મોજેજો જોયા વગર ઓ હારૂન તું પાદશાહાત ચલાવનાર સરસ ખાલીફ ખપનાર નથી. દરબારીઓ, મારા કેસમતનો લેખ મને ખુલો વંચાયછે કે માહરે ભારી દબદબા ને દમામથી એકવાર તે આદેલનું મદાયુન શેહેર જોવું ! તે મેહેલમાં હું કરાર કરું, અને દાખમાને શેજડો બજાઊં. તઇયાર થાઓ મારા દરબારીઓ."

નોશીરવાન શાહાનશાહના મદાયુન શાહેરનું બયાન—
હારૂનની તે શાહેર સાથ મુલાકાત.

ભરી બામદાદમાં પંખીઓના હલકથી આના ચાતલાં, ચાન દમાંમથી પ્રકાશેલો, રૂપેરી રોશનીમાં લીલા દરખતો અને ફુલફલની કલીઓ સામે બુલબુલોનાં ગાયન પર ગાયન ચાલેલાં. બોલકણાં પંખીઓના પલટા ને તાનથા તે થંડો વખત વધારો પામ્યા પરમાણે હતો. આશમાન સાફ જ જમીન ચલકતી. આશમાન બાલેશ રૂપેરી અને જમીન લીલોતરીથી સુધ લીલાં રંગીન પાનાઓથી જડાયલી દીસતી હતી તે આનંદી વખતનો ખુબસુરત દેખાવ, થંડો, વગર ગરબરનો, શોહોરમ અને લેહેકીથી નવાજેશ પામેલો હતો. બામદાદ, સરસ્રાઓના બાંગ સાથ મુલાંઓની બાંગ

ચાલુ થયલી, જરાજરા પસંદ પડતી ગરબરથી દીવસની શીરૂઆત રચાતી ચાલતાં કામના પ્રાગથી ચંદનીમાં બંદગી ગાજી નીકલતી. કલીઓ મગરૂરીથી પોતાના બદનને ખીલવવા લેહેર અને તોરમાં ડોલતી, તેવામાં વજનતરોના અવાજોના તાન, અલાપ, સુરથી બગદાદના ખાલીફનો આરામ-મેહેલ ગાજી નીકલ્યો. એશ-આરામ અને આશાએશે જાણે રજા લઇ જવાનું મંડાન કીધું હોય, એમ બગદાદની જુમા મશીદમાંથી બંદગીના અવાજો નીકલવા લાગા. ખાલીફની સવારી તઇઆર થઇ. હોકમ અને અમલની જાણે એકજ પલ હોય તેમ તે બગદાદ, બીજી ગુજરતી બામદાદો કરતાં આ બામદાદે જુદીજ રીતે હો હા ને ગોંઘાટથી મચ્યો રહીઇ! હાથીઓ બેકીમતી ઝવેરોની પાખરના, ખાલીફની સ્વારી આગલ, પોતાના માહાવત અને શાહજાદા સવારને લઇ ચાલતા, તે દરમ્યાન વચોવચ એક સફેદ હાથી ઉપર જર ગોહરના પોશાકે ભારી કીમતી તાજથી ખાલીફ હારૂન-અલ-રશીદ બીરાજેલો હતો. જરપ્તના દેખામાં ગરકાવ ઉંડો ખાલીફના જર જહવેરના હથ્યાર અને ખજાણા સાથે, પાછળ વજીરો ઘોડેસવાર પોત પોતાના મરતબા સાથે, પછે સોદાગરો માટેલા ઘોડા ને ખચરો સાથે, અને બાકી દરબારીઓ પોતપોતાની સગવડે ઘોડા કે ખચર ઉપર, અને છેલ્લે સઉ જનના રેસાલા સઉ સઉની પાયરી અને દરજાથી ખચરો કે પાલખીઓ સાથે; એમ એ તમામ સવારી સુરા સરદારો અને લશકરોથી ઘેરાયલી જુમા મશજીદમા ઉતરી બંદગી ને દુવા ગુજારીને કુચ કરી ચાલવા લાગી. આ જોવા બગદાદની ખલક જમાવ થઇ હતી. સઉ પોતાના સરસ પોશાગે ખાલીફને સલામઆલેકુમ અને પયારની નીશાન દેખાડતાં—કોઇ જુવાન રાણીઓ ફુલનાં હાર વધાવતી—કોઇ કુમારી શાહજાદીઓ મોતીનાં ખોબા ફેંકતી—કોઇ ખુશબોના દરા ઉડારતી—કોઇ અમીર ઉમરાવજાદીઓ માણુકના બાજુબંદ બેટમાં આબાદ અમારીમાં નાખતી—કોઇ સોદાગરજાદીઓ ગોહરની નવી નવાઇ ખાલીફને દુરથી નવાજતી—કોઇ દરબારજાદીઓ પોતાને હાથે કીધેલી કશબી વણતના રૂમાલો હોલારતી—કોઇ સરદારજાદીઓ પોતાના નીકાબ જરપથી ઉડાવી ડાબી ચશમથી ખાલીફને શલામ બજાવતી—રઇઅતની બાનુઓ તો ખુશાલીના ગાયનના પોકારોમાં પોતાના ખાલીફને પયારથી નેક દુવા દેતી ને ફીદા ફીદા થતી—મરદ રેહવાસીઓ પોતાનુ કામ બરાબર સમજીને ખાલીફને જોતા ગુઠણ મરદીએ નમી જતા, એમ એક ભારી મહીમાની બામદાદ ગુજરી સુરજ આશમાનપર દેખાતાંજ બગદાદનો મોહટો દરવાજો ખાલીફાના હાથીએ પસાર કીધો અને વેરાન જગા સુંદર શરોદના વજંનતરના લલકારથી ગાજતી અને પોતાને ભાગ્યેગશાલી બનાવતી તે મુશલમીન દીનના વડા હામને હસી ખુશબખતે વધાવતી હોય એમ જણાતી. શેહેર છોડી સવારી આગલ ચાલી. હવે જાણે મુએલાં બીઆબાનો જીવતી જીંદગીમાં આવીને રોનક ને અદા ને દબદબાના શાહાનશાહી ઠાઠ માઠથી એક પેહલવાન મીશાલે હતાં. ચુનનદા હથીઆરબંદ સવારો પીઠ ઉપર હથીઆર મીશાલે લદાયલાથી તેઓનાં શુર વધી જતાં હતાં. ઝાહડ પાન ને ઝાડી જે ગોયાં હાથ પગ મીશાલે, તે અડચણમાં આવેલી દીસવાથી પટોપટ કપાઇ એક બાજુ પડતાં; જાણે પોતાના રશાલા શાથ જબરદશત જંગબાજ પેહેલવાનજ જુમબેસ ભરેલા દેખાતા હતા. એકબારગી આશમાને ખુલા સુરજ છતાં તે લશકરની ગેરદથી પોતાને ઝાંખો જોયો!

મુશલમીન રંગીન ધજા એક નવી જાતના પંખી મીશાલે હવામાં બુલંદ ઉડતી હતી, જેથી ૫ એશં ડરીને તે બુલંદીમાંથી નાબુદ થતાં હતાં. હવા ને ચમકાટ એ એએ એજ શરૂ કીધા હતા, અને તેની આશમાનના ઢંકાયલા ઉજાસ વખતે તે, એક નવા રંગ ને ઉજાસની બલીહારી ઓર હતી. ખાલીફની વાત તો માનવીમાં થતી નહી જાહેર ને મોતી ને માણકમાં ગરક તે એમુલી ઝવેરા અયના મીશાલે ચકચકીત હતો તેની ઉપર ઝડાવદાર ગુમબજી છતર ચકો મીશાલે ફરતું ગુલામોએ પકડેલું હતું. ખાશ વાસવાનો આગલ અને પાછલ— આસે અને પાસે— ભારી રોબમાં દીસતા હતા, તેઓના ખુબસુરત પણ ઝનુની જબરા દેખાવના ચેહરાનું તેજ સાધારણ માનવી જોતાં ધ્રુજે. પલકારો અને મીઆન બાહેર ગુમતી શમશેર અને હાથની ઝડપથી આ વખતની હસ્તી આ વખતજ નીસ્તી કરે' તેથી તે જબરાઓની દેહશત સરવ ઠેકાણે રેહતી હતી. એ રીતે મનજલ દર મનજલ પાદશાહી છાવણી ને મોજ જોક ને ખુશબખતી તેમ નવી નવાઇ જોવાની ઉમેદ ને ઉલટ સાથ કુચ કરતા મદાયુન શેહરની સરહદમાં આવી પોહોંચ્યા.

ઇરાનની અસલ તવારીખ સાથ મદાયુન શેહેર ભારી તાલુકો રાખેછે. તાંહાંના પાદશાહોની વરસોના વરશો આ શેહેર તખતનશીની હતી. આ શેહેરમાં શાપુર અને નોશીરવાન જેવા દુનીઆના મોટા ને જબરા શાહાનશાહો શાહાનશાત ગુજારી ગયા. ગંજ અને ખજાનાનાં તે એક ભંડાર તરીકે અસલી જમાનાનાં નામીચા શેહેરોની સફમાં મુખીઅ ખીરાજેલું હતું. દર બામદાદ આફતાબ તેના રોબને દમામથી શરમાતો, અને નામેદારીથી તલુ થતો. સરસ માનવીઓની કીમત કરનાર તે સર જમીન હતી, અને તેની તલવાર હરદમ ફતેહમંદ અને ઢીકતી હતી. તેનો પેહેલવાન જાંહાં ત્યાંહાં ઇજત ને બાહાદુરીમાં ફરતો હતો. તેનું નામ એક ખુબસુરતી તરીકે નાજનીનો પોતાના મોહમાં ગાતી હતી. ઇરાનની જાહોજલાલી જોવા અને તેની કારીગરીની વખાણ જાણવા કઇ કઇ પાદશાહો મોહબતથી તેની મુલાકાતે આવતા, અને તેના મહીમાથી મોહીત થઇ તેના શાહાનશાહના દીદાર ને મેલાપથી ખુશાલ જીગર થઇ કુચ કરતા પણ હમણા તે એક છુંડાયલા પેહેલવાની બદન મીશાલે જાણ. તેના મેહેલોના કંગુરાઓ ઉડી ગયાથી તે વગર ધડના માનવી જેવા, તેની દરબારોના છાપરાં ને દરવાજાઓ બાલી નાખીઆથી તે ખુલી જગા ગોયા ફાડી ખાનાર જન જનાવરોના કોહ, અને તેની નેહેરો કાદવ કીચલના ભંડાર થયલા, તેના બાગબગીચા, કાગ અને વાગના મકાન બનેલા, તેની ધજા ઉડતી જગા ઉપર આજ કજા પામેલા જઇ પડેલા; તેના ગંજખાનાના ભંડારોમાં કોઇ કોઇ પુરાની માયાથી જોડાયલા માનવીની એડકો, જાંહાં પાદસાહી કરવાને આજ જાઓજલાલ શાહાનશાને ઠેકાણે શેર હતા. તેના કીલામાં સીહાઇએ રાજ મચાવેલું, તેની ઉપર આજ આફતાબ કોપ ને દયાથી પારકાશેલા, તેના ફલ ને ફુલ જે નાજુખ બદનીઓની શેજનો શંગાર, તે આજ ઝેરી અજદહાના મકાનની નીશાન, પેલા પાદશાહી મદાયુનથી આ તદન નાચાર નાદાર મદાયુન શેહેરને દરવાજે હારૂન-અલ-રશીદ પોતાના ભારી રસાલા સાથ દાખલ થયો. તેની નેત્રા કોઇ કોઇ બુલંદ જગો ઉપર હેરતમંદીથી ઠરી.

જે ખીઆલે તે વંટોલીઆની માફક ધુમીઆ કરતો ને પોતે બળવાન શાહાનશાહ છતાં તથા મરતબાએ મોહટા મનનો જે ખીઆલી, તે ઉપગંતનો આ ખીઆલ, તે પાર પડી સકયો તેથી તેના મનને કરાર થયો હતો. તેની આંખો, મદાયુન શહેરનો પેહેલા દેખાવ ખોલતાં, જેમ ચીતારો પોતાનાં હુનરનો ચીતાર જોઇ રહે, તેમ ઠરવઇ રહી હતી!

ખાલીફ હારૂન-અલ-રશીદ મદાયુનમાં આદેલ નોશીરવાનનાં મેહેલમાં મુકામ કરીને તે નેક શાહાનશાહના દોખમનો પતો મેલવવાની કોશેશમાં છે.

મદાયુન, ખાલીફના દબદબાથી ફરી એકવાર આગલા દમામમાં ગાજી નીકલીઉ. મુશલમીન સેનાની છાવણીથી તેનો રંગ ફરી ગયો. જાંહાં તાંહાં નવજવાન સીપાહ બચાઓનાં મુખડા ચમકવા લાગા. તેમાં રહેલા કોઇ કોઇ અસલી વતનીઓ ખાલીફના ઉતારાથી શાદમાન થયા. થોડીજ પલમાં તાંહાં દરબારો ને જનાનાઓ મંડાયાં. ખાલીફની બગદાદની દરબારનો રોબ ગોયાં મદાયુનમાં ઉતરીઓ હોય એમ દીસતો, લખોલાખ રોશન બતીથી જાણે આસમાન જમીન ઉપર ઉતરીઉં હોય એમ લાગતું. ગાયનનાં તાન ને રામશગરોના નખરાં જાંહાં તાંહાં તંબુમાં ચાલીઆ. સઉ ઠાક ને રંજથી આસુદાં થવા મગન એશ આરામમાં ચકચુર હતાં.

દરખતે દરખત બાંધેલા ઘોડાઓ, અને છાંયે છાયે રંગરાગમાં ચકચુર નોકરોનો, તે ખંખાર, તે પોકાર, કેઆમત ગાજીઆ જેવો દબદબો બતાવતું હતું. હારૂનનો ઉતારો એટલે પુછવું શું? સરસમાં સરસ શરોદ બેચનારી નાજનીન સરસમાં સરસ દબદબાથી ગાયનમાં મસ્ત, સઉ મહીમા કાહણીના ખેલ ચમતકાર મીસાલે થતાં, રાત-કાહાણીના પરીસતાંન જેવી ઝમકી રહી હતી. એક ગમ નગારાં સુનેરી વાગીને હારૂનના આવીઆની ખબરનો હોંકાર દુર તલગ ફેલાવતા હતાં. બીજીગમ ગાયનના ખુશ રીજવતા મધુર સરોદ પવનની લાડકી લેહેકી સંગ મલીને દુરમાં દુર બગીચાના રેહાણોને રીજવતી ખબર કરતો હતો.

મદાયુનમાં રાત, આગલા કસા હીસાબમાં ગણાતી નહી. સબબ જાહોજલાલી તે ગોયા જંજાલી હરતાં સદા બીઆમણી લાગતી. સીતારાઓથી જાંખા, ચાનની ઘેરાયલો અને મેહેલ ને બગીચા વેરાન, એટલે રોશનાના કોતાઇ, એથી તે એક અંધારા ગારની પાયરીએ હતું, તાંહાં હારૂનની હમણા બેઠક થતાંજ જાદુગરીની માફાલે તમાંમ ખેલ ખેલવત હસતીમાં આવી અને એક નવાઇ ભરેલી રાત નવાઇ ભરેલા મહીમાથી ગુજરવાની કબુલાત આપી દીપવા લાગી. વાદલમાં છુપાતો ને ઘેરાતો ચાન આ વખત દબદબાથી આશમાનને તેજ કરતાં, જમીનને ખુબશુરત બનાવતો હતો. કંગાલ નાદાર મદાયુન ખાલીફના દબદબાથી હસતું થઇને પોતાની પુરાંની આશનાઇને હોંશથી ભેટતું હતું, અને પોતાના ફરેલા નશીબા ઉપર મુબારકબાદી આપતું હતું

રાત, રંગ એને રાગ અને ગાયનમાં ખુબશુરત ગુલબદન નાજનીંના ખેલ નખરામાં ગુજરતી હતી. તેવામાં મદાયુન ને તે આસપાસના કોઇ કોઇ રહેલા કદીમ વતનીઓનું એક અંજુમન ખાલીફને મુલાકાતે આવાને ભારી ઇજત કુનસથી જે બનીઉં તે સોગાત મેલાઉં. હીરા, માણક, મોતી કે સુનાના ઢગની તે સોગાત હતી નહી, પણ નવી નવાઇ ફુલ ફલાદી કે કાંઇ તેવીજ ચીજો હતી. હાલત સાથ ઇજત તાલુકો રાખેછે. તેમ તે અસલી જુજ રહેલાઓએ પાદશાહના મરતબાને માન ને મોટાં દીલથી પીછાણીઓ, અને બનીઉં તે ભેટ મેલાઇ. એ ગનીમત બેઆલે હારૂને તેઓની ભેટ માન ને પીઆરથી લીધી. પછે વાત ઉપરથી વાત કાઢતાં મદાયુનનો નોશીરવાનનો મહેલ જોવા ને જાણવાનો શોખ દેખાડતાં એક બુજોરગ તેથી વાકેફ કરવા સર નમાવીઉં, અને જે

વખત ખાલીફ મુકરર કરે, તે વખતે હજુરમાં ફરમાબરદારીથી રેહેવાને નમ્યો.

ખાલીફ દીન રાત એમ એશઆરામમાં ગુજારતો હતો; અને મદાયુનની તારીફના બએત જોડાવી તે ગવાડી ખુશ ખુશ થતો હતો. પછે એક મુબારક દીન તેણે પોતાની સવારી તઇઆર કરાવી અને પેલા બુજોરગ સાથ શાહનશાહ નોશીરવાનના મેહેલમાં ગયો. તે બુલંદ મેહેલ જેવારે ખાલીફે જોયો, તેવારે પોતાના જીગરથી અજબ રહેઓ. પછે તે મેહેલને તરત સરવ ઠાઠ ને દમામથી સીંગારીઓ. હજારો બતીના સટાંનો મુકાયાં. દુમાસ ને જરીન કોચો અને ચોની કારીગરીના તખત. બેઠકો વગરેથી ફરી એકવાર તે મેહેલ અસલ મીશાલે દીપાવીઓ. દબદબાથી દરબાર ભરાઇ, ને શાહાનશાહે આદેલ નોશીરવાનના દાદખાહની જીકર શરૂ કીધી. શેહેર કે શેહેરબાહેર કોઇ કોઇ છુપા છવાયા વસનારાઓને માનના એજાણથી બોલાવીઆ. તેહેકીક કરતાં તેમાના એક જનથી માલમ પડીઉં કે પાસેના શેહેરમાં એક પીરમરદ બુજોરગ રહેછે, તે સાસાની શાહાનશાહોની અવલ મંજલગાહવાલી જગા કદાચ જાણતો હોય. પછે એક કાસદ તઇઆર કરીને નામા સાથ તે ઉપર ખાલીફે રવાના કીધો. તે દીલ ઉપર સકતી બેંચીને ધારેલે શેહેર આબાદ નીશાન ઉપર ચાલીઓ.

પાહાડ અને નાલા વટાવી હારૂનનો કાસદ પેલા બુજોરગના મકાન ઉપર આવી પોહોંચીઓ, અને દરવાજો ઠોકીને તેને પુકારવા લાગો, આ બાંગથી તે મકાંનમાંથી એક લફંગા ને બેઅજત દેખાવની ઓરત બાહેર ડોકાવી ઘણીજ તુંદી ને મીજાજ ભરેલી જબાંદરાજીથી પુછવા લાગી, કે —

"એ મુસાફર મરદ તું કોણ? કાંહાંથી આવીઓ? અને કોણને પુછેછે?" ભવાં અરધા કપાલ તલગ ચઢી ગયલાં, અને મોહ ઉપર ગુસ્સો ને ગરૂરીનો રતાસ દીપેલો, જાણે કોઇ દેવજાદી માનવી લોહી ઉપર તરસી હોય એમ બીઆમણી બનેલી દેખાઇ, તેથી કાસદ ધ્રુંજી રહેઓ, અને પોતે કદાચ નકામી વેઠમાં સપડાય, તે તપાસ રાખીને ખુબ તવાજોથી કેહેવા લાગો કે—

"એ બાનુ તાહરા મરદને મોટા ખાલીફ હારૂન--અલ--રશીદે આ નામુ લખી તેડાવીઓછે.

"પણ તે જઇફ નાતવાં અને પીથે વાંકો વલેલો તું સાથ લાંબી મનજલે આવી સકનાર નથી, ચાલ નીકળ. અને હઇથી તાહરા કાલા ચેહેરાને છુપાવ."

આ કરડા જેહેર જેવા જવાબે કાસદની જીંદગી બે આરામ કીધી. પણ તેવામાં તેની નજર, એક બુઢા ઉપર પડી, કે તે છેક કમરથી વાંકો વલેલો, નાતવાં ને હાથમાં લાકડી પકડી બજારમાંથી આવે છે. તેના ડાચાં બેશી ગયલાં અને મોટી ઉમરનો મરદ, તેને જોતાંજ કાસદે શલામ આલેક બજાવીને પોતાના ખાલીફનો તમામ ભેદ જણાવીઓ, અને નામુ આપીને ઉભો. પેલા બુઢા પણ અકલમંદ તે નામું દેદાર સાથ લગાડી બુશો લીધો. પછે વીગતે વાકેફ થતાંજ ઘણાજ મીલનશાર શખુનો બોલીઓ—

"ભલા કાશદ, નાતવાં ને બુઢો એથી હું જોયે એવી જરૂફે તું સાથ નામદાર ખલીફાની જનાબમાં આવી શકશ નહીં; લેકીન તેનો પગામ માહરા સર ઉપર હોજો ગોયા હું તેનો ફરમાબરદાર ને હોકમ સાંભલનાર છું. તેથી માહરો રાહબર થા અને મારા બુઢાપા પરમાણે રાહ શરીક રેહ."

આ ભલાં ને માયાલુ લબઝથી કાસદ ઘડીભર ખુશાલ થયો, ને પેલા બુઢાનો તાજીમ તવાજોથી મદાયુન તલગ ભોમીઓ રેહેવાને ખરાં જીગરથી કબુલ થયો. બંધોએ ખલીફ તરફ મોહ ધર્યું.

આ તરફ મદાયુનેથી ખાલીફનો પેગાંમ કાસદ પેલા પીરમરદ ઉપર લઇ રવાના થયા પછે એક અજાએબ બનાવ બનયો, કે ખાલીફની દરબારમાં હાજર રહેલા એક બુજોરગ મદાયુનીના ખેતરમાં હલ ફરતાં તેનું મોહ બંધ થયું. અને તે હલ જમીનમાં ચાલ્યો નહી; તારે તે જોરથી ચલાવતાં જમીન ફાટી, તેમાંથી એક ખુમ નીકલયું. તે ઘણુંજ મોટું હતું; તેને ખજાનો સમજી તરત પેલો બેહુત ધરાની ઘોડસવાર બની ખાલીફની દરબારમાં આવ્યો, અને ખેતરના હેવાલથી વાકેફ કીધો. તાંહાં ખાલીફ તે જરફ ને બેહુતની હાજરી ને જુદા વાત એથી શકમંદ બનયો. આ બનાવે પેલા ખાલેશ ધરાનીએ બનેલી કેફીઅત જણાવી, અને તવાજોથી બોલીઓ "અદલ હારૂન-અલ-રશીદ, આ હમારા ગામ લગતાં આ વખણામલાં મદાયુન શેહેરમાં તાહરાં દીદાર રોશન થયાથીમને બેશુમાર ખુશાલી ઊપજીછે. તે ખુશાલી જણાવવા હમો કોયે એમ શકતીમાં નથી, તેથી આ જમીનમાંથી નીકલેલી તે ખુમ આપ કબુલો તો તે હજુર અનાએત કરવાને રાજી છું. જે હોય તે કબુલવું. જોયે ગોહર કે નગદ કે ગમે એ હોય." ખાલીફ તે ઊપર ખુશ ખુરમાન થયા, અને પોતાના હજુરીઆઓને ઇશારત કીધી કે જુજ પલમાં તે ગામમાંથી ખુમ હજુરમાં લાવી હાજર મુકી. તે ખુમનું મોહ પેલા મદાયુનીએ ખોલ્યું તો તેમાંથી બેમુલાં તાજ ડેકાણે ઘઊંની કુંડીઓ નીકલી. તે કુંડીમાં ઘઊં, માનવીના નેણ હેરતમંદીમાં નાખે એવા! એક એક દાનો, ખબુતરનાં બેડાં જેવો મોહોટો ને ચલકતો હતો. તે જોતાંજ ખાલીફને તેની દરબાર હેરત હેરત રહી. કીઆ જમાનાના તે છે, એ કોઇ કહી સકીઊં નહી.

આ હેરતમંદી ને પુછપરછ જારી હતી, તેવામાં દરબારની નજર બીજી હેરતમંદી ઊપર પડી, કે કાસદ એક બુઢા સાથ ખાલીફ હજુર આવેછે. તે જોતાજ ખાલીફે તખતથી ઊતરી પેલાબુઢાની ભેટ લીધી, તેને તાજીમથી બેઠક આપ્યા પછે પોતે તખત ઊપર બેઠો. દરબારનો દબદબો આ વખતે પરખીઆત નોશીરવાનના મેહેલમાં ખુબ ધીકતો હતો. સઊ પોતપોતાના રોબ ને તોરમાં તેજ હતા. તેવામાં હારૂને માનથી ગોફતેગોહ શરૂ કરી.

"એ બુજોરગ આ ઘઊં કીઆ જમાનાની ખેતીથી ઊપજેલોછે ?" હારૂનના આ શબ્દુનોના પેલા બુજોરગથી જવાબમાં સઊ કોઇ નવાઇ સાંભલવા તઇયાર થયા પણ બુઢાએ ખુબ બેઆલથી ડોકી ધુનાવી જવાબ આપ્યો.

"ખાલીફા હું એ કેહી સકનાર નથી. માહરો બાપ જે પાસેનાં શેહેરમાં વસેછે, તે કદાચ આપને જણાવશે. તે બુજોરગ દુનીઆંનો ભારી કરેલ ને ગેઆની છે." હારૂને પેલા બુઢા ખકના બાપની વાત સાંભલી ત્યારે તે અજબ રેહ્યો. દરબારીઓ નીરાશ થયા, અને નોશીરવાંનના દાખમાનો પતો મલે એથી હાત ધોઇ રહ્યા. તેવામાં હારૂને આ સવાલ કરયો.

"કેશરા આદેલ નોશીરવાનના દાખમાનો નીશાન જાણેછે એ બુજોરગ ?"

તે પણ તે કહી શકયો નહી, અને પોતાના બાપ ઉપર હવાલો આપ્યાથી તરત કાસદને તે તરફ નામા સાથ રવાના કીધો. પછે એક સરોપાવ અને કેટલાક સો દીનાર બખશી પેલા બુઢાને રકસુદ આપી. હારૂન તેના બુઢાપો જોઇ એકતો દરીઆફીમાં હતો, તેવામાં તેના બાપની હયાતી જાણીને વીચારમાં પડયો કે તે કેવો એક બુઢોખક થયલો હશે. આદેલ નોશીરવાનના સેજદાના વીચારે તે એવોતો બેઆંમ થયો હતો કે ગમે તે કરતાં એકવાર તે નેક શાહાનશાહનુ રૂવાન જોઇને પોતે ખુશ થાવું. એથી તે ગમે એવાને ગમે એવી તજદી આપવાને પછાત પડતો નહી. શું અજાએબી કે પાક જરતોસતી મહજબના નોશીરવાનનાં મેહેલમાં મહમદી મહજબના હારૂનનો મુકામ ને રંગ રાગ!

મદાયુનમાં ખલીફ આરૂન-અલ-રશીદની હજુરમાં બુજોરગ ઈરાંની ખુલાશો કરેછે.

સાંજનો વખત હતો. ખાલીફની સવારીના ખાશ લોકોની એક દબદબા ભરેલી દરબાર કેશરા નોશરવાનના મદાયુનમાનાં મેહેલમાં મલી હતી. માનવીના પગ દંડાથી પંખીઓએ પણ જાબજાથી આવીને તે દરમીયાનના દરખતો ઊપર વાસો કીધો હતો, તેઓના મધુર શરોદથી મદાયુન ગાયનસ્થાન મીશાલે ગાજી નીકલીયું હતું. તે રચનામાં નવીનવાઈ જરના પોસાગે ખાલીફની સભાના ફરતા હરતા સવાર ને કુદતા ઘોડાઓથી વધારો થયો હતો. તેવામાં કાસદ સાથ એક બુજોરગ તેઓમાં ભેલાયો, અને થોડા વખતમાં ખાલીફ હજુર તવાજો બજાવી ઊભો. ખાલીફે તો આગલ મીશાલ માનથી તેની ભેટ લીધી, સવાલો પણ આગલ મીશાલ પુછવામાં આવ્યા પણ કાહિજ જબાબ મલ્યો નહી. આગલ આવી ગયલા માફકજ તેણે પોતાના બાપ ઉપર હવાલો આપીને પોતા સાથે જેકાંઇ મેવો તથા તોફો લાવ્યો હતો, તે ખાલીફ હજુર શોગાત મેલ્યો. ખાલીફ, તેની જરફ અને તે આગલ આવી ગયલા કરતાં વધારે જુવાની તેમ બાલની હરયી સફેતી ને કાલાસી જોઇ વીચારમાં પડયો કે "આ શખસ પેલા આવી ગયલાનો બાપ કેમ હોય !" પછે તેના બાપની તમાંમ કેફીઅત પુછી લઇ તેને પણ આગળા માફક ઇનામ બખશી રવાને કીધો.

બશરા શેહરની મુશાફરી કાસદે ખાલીફના પેગામનામા સાથ શીરૂ કરી. ખાલીફનું કામ, તેથી જીવ ઉપર બાજી એલીને કાસદ રાત દીન મંજલ કાપતો બસરા આવી પોંહોંચ્યો. નીશાન માફક મકાંન ઢુંડી કાઢયું, અને કડું ઠોકયું તો એક હસતા ચેહરાની ઓરતે શીરીનીથી પુછયું કે એ મુસાફર ભાઇ તું કોણ છે ?" તે નેક સુખનો સાંભલી કાસદે પોતાના કામની કેફીઅત તેણીને જણાવી, તો તે વાકેફ થતાં બોલી કે "તે માહરો ખાવીંદ શેકાર રમવા ગયોછે. જો તમને હરખત ના હોય તો બેલાશક આ મકાનમાં ઊતારો કરો, મકાન તમારૂંજ છે." એ આબરૂ આપીને કાસદને પોતાના મકાનમાં ઊતારીઓ. તેણીએ ખાનું તથા શરબત હાજર કરીને ખાલીફનાં પેગામચીની સારી મદરાત કીધી. એમ કરતાં વખત ગુજાર્યો ને તેણીનો ખાવીંદ શેકારથી આવ્યો, તે કાસદ જોઇ હેરત થયો. તે તો તદન નવજુવાન જેવો જબરો દેખાયો. તેના બાલ તમામ કાલા, તેના બાજુઓ જબરી, કમર ઊપર પટકો અને પીઠે તીરનો ભાઠરો ને કમાન ! તેના એક હાથમા શેકારનું ગોસત અને બીજા હાથમાં ચાબુક હતો. તેણે કાસદને જોતાં વારજ તાજીમથી ખેર આફીઅત પુછી; અને કોઇપણ નજીવા કે જીવદાર સવાલો કરયા વગર ફરી તેની મદારત જારી કીધી. રાત થવા આવ્યાથી ખાનાનો બીસતરે પંઠરાયો, અને નવી જુની ગુફતેગોહ કરતાં પેલું શેકારનુ ગોસત જે તાજે તાજું ભુજાઇ આવતું તે જમાડતાં શરબત મેવા વગેરે મુદારતથી કાસદને આસુદો કીધો. કાસદ આ મદારત અને તે ઇરાની જોડાંની પરોણાગત તરફની મોહબત જોઇ ખુશ થયો. તેણે ઇજતથી ખાલીફ હારૂન અલ-રશીદનો પેગામ ધરયો, તે ઇરાની ફેરવી જોતાં પેહલાંજ પાદશાહની ખેદમતનો શોખીલો થયો, મુરગની બાંગ પડી કે તેણે બીછાણું તરક કીધું, અને તન સાફ

કરીને મુસાફરીનો પોશાગ પેહેરયો. બે તેજ ચાલના ઘોડા હોકમ પરમાણે તૈયાર શણગારેલા હતા, તેમાના એક ઉપર કાસદને સવાર કરી તથા પોતે બીજા ઉપર પાદશાહ લાએક હડીઆ સાથે સવાર થતાંજ હસીને પોતાની ઓરતથી હસતે મોહની દુવા સાથ આગલ ચાલ્યો. જંગલ અને પાહાડમાં તે પોતાના ઘોડાને ખુબ તેજ ને કલાથી ચલાવતો હતો. તેના ઘોડાના કદમની ગેરદથી આસે પાસે ગામમાં તરાસ પડી રહ્યો. તેઓ મંજલ દર મંજલ કેરવાનચરામાં ઉતરી તથા શેકાર કરી ખાનુ ખાઇ આશુદા થતા, બરાબર વખતે મદાયુનમાં ખુશખુશાલ આવી પોંહોંચ્યા. જ્યારે મદાયુનમાં તેના ઘોડાની નાલનો અવાજ ને મોહડાંનો ખંખાર પડયો, ત્યારે ખાલીફ મેહલમાંથી આતુર થઇને જોવા લાગો, કે "આ કોણ સીપાહ મરદ આવેછે? જે દેખાવે જવાન ને કઉઆતમંદ ને લડાયક ને ફરાક સીનેહ!" તે જોઇને હેરાન રહ્યો. જેવો તે મેહલને દરવાજે ગયો, કે ઘોડા ઉપરથી પેહલવાન મીસાલ કુદી પડયો. પછે ખાલીફને જોતાં પાદશાહી રાહ રશમથી કુનસ બજાવી હજુર લાવેલો હડાંઓ નજર મુકયો ને આદબથી ઉભો.

ખાલીફે ઘણાજ માન અકરાંમથી તેની જરફ ને ચંચલાઇ જોઇ તેની અછી મદારત કરવાને તરત હોકમ આપ્યો. ખાનું જે હાજર કીધું તેમાંથી સુકો મેવો ખાઇનેજ તે આશુદા થયો, પછે ખુદાઇ બક્ષેશના શુકરાણા બજાવીને શરબત નોશ કીધું. આ રીતે આશુદા થયો અને ઠાક તથા જેહમતથી ફારેગ બન્યો ત્યારે ખાલીફની ઇશારતથી પેલા ઘઊંની તબાક નોકરોએ હાજર કરી. તે દેખાડી ખાલીફે પેલા પેહલવાની દેખાવના ઇરાનીને પુછયું. "એ જવાંમરદ આ ઘઊંના દાના જે કબુતરના ઈંડાં જેવાં મોટા ને આબદાર, તે કીયા જમાનામાં અને કોણ નેક શાહની પાદશાહતમાંના છે?"

નવી નવાઇ જાણવાની ખાલીફ હારૂનને બઊ હોંસ રેહતી! તે હોંસ પુરી પાડવા હમેશાં તે અજાએબ વલાણો કે બક્ષેશો આપતો. તેથી જો આ સવાલનો પેલો ઇરાની બરાબર જવાબ દે, તો જે માગે તે આપવા તેનું જીગર આ વખત તઇઆર હતું. તેવામાં પેલા ઇરાનીએ ઘઊંના દાના હાતમાં પકડીને ખુબ બારીકીથી તે તપાસ્યા, અને કાંઇ ચીજ યાદ કરતો હોય એમ ડોક ઊંચી કરીને ખેઆલમાં બેઠા પછે તરત તવાજોથી બોલ્યો.

"આ ઘઊંની કંડીઓ કીયા જમાનામાં અને કોણ શાહનશાહના વખતની છે, તે જાણવાને નામવર ખાલીફ આપ તઇઆર થાવ."

ખાલીફે તરત તે ઇરાનીને હાં અટકાવ્યો, અને નજર આગલનો તરત બનેલો માજેજો જાણવાને સવાલ કીધો "ઓ દાનાવ મરદ તું તાહરા છોકરા કરતા જુવાન! તાહરો છોકરો તેના છોકરા કરતાં જુવાન એ શી રીતનો હેવાલ! મને લાગેછે કે કાંઇબી એમાં ભેદ છે. કદાચ તમો બાપ બેટા તો નહી હોવ."

"ના, બંદેનવાજ તેમ નથી. જે મીશાલે આપે જાણ્યું ને જોયુંછે તેજ ખરૂં છે. પેહલાં આવેલા બુજરોગનો હું બપાવો તથા બીજાનો બાપ થાઊંછું, એ બીલકુલ ખરૂં છે. નામવર ખલીફ મને આજ લગભગ બસો વરષ ગુજર્યાં છે. મારી આગલ જે માહરો છોકરો આવ્યો હતો અને જે અરધો જવાન ને અરધો બુઢો હતો તેને દોડસો, અને જે પેહલાં ઘણોજ બુઢોખખ આવ્યો હતો, તેને બરાબર એકસો ને પંદર વરષ થયાંછે.

આ જે ઉમર કહી તેમાં કસો તફાવત નથી, પણ તફાવત હાલતમાં છે. માહરા છોકરાના છોકરાની ઓરત ઘણીજ બદ પલીદ તેમ જુબાંદરાજ છે. તે એક હાથીનું ખાનું ખાએછે. તેની હાલત કંગાલ હોવાથી તે ઓરત તેને રોશવા કરીને ઘર બાહેર કાઢી મેલેછે. અને કેહેછે કે "માહરૂં પેત ભર. ઘણું કમાઇ લાવ અને મને સુખ ચેનમાં રાખ. સવારથી સાંજ તલગ હેજગારી ને મેહનત કરતાં તે તે ડાકણીનું હારેમની પેત ભરી શકતો નથી. જે કમાઈ હોછે તે પેલી ઓરત લઈ લેછે અને હીશાબ પુછીને નકામો તેને બેજાર બેજાર કરેછે. જે કાંઇ પકાવેછે તે સંઘુ પેલી ઓરતજ ખાયછે. ખાતાં વધે તેજ પોતાના ખાવીંદને મેલેછે, તોપણ પેલો અસીલ મોહડે એક હરફ કાઢતો નથી, અને પક્ષો જેટલું ખાઇને પોતાનો ગુજારે ચલાવેછે, તથા ફજેતીને ચાહતો નથી. આ અંદેશો અને અજાબ તે બેટા ઉપર હોયાથી તે દીન બ દીન ગલીને બુઢો થતો જાએછે. તનથી નાતવાં બહુ છે અને દુનીઆની લેહેજત ઝેર જેવી સમજેછે. બીજો મારો પોતાનો બેટો જર ગોહરને ધણી છે. સરવે નેઆમતથી ભરપુર છે, પણ ઓરત કમજાત મલીછે. તેણીના દુખથી તેના સુખમાં સરો પેઠોછે. બાહેર બાગબગીચામાં દોસતોની મંડળીમાં હોય છે ત્યારે તેનુ જીગર શાદમાંન ખીલેછે. તેને પોતાને ઘેર જવા ગમતું નથી, અને તેથી તે દોસ્તોની આખી ટોલકી સુધાં પોતાને ખરચે મજાહ મારીને દીન રેન ગુજારેછે. જયારે તે ઘરમાં જાયછે ત્યારે ભોગવેલું તમામ તેનુ સુખચેન તેની ઓરતની ફીકરથી લુટાયછે; એથી પૈસે સુખી પણ ઓરતે દુઃખી, અરધો જવાંન ને અરધો બુઢો થયલો દીસેછે. મારી હાલતનો ચીતાર તદન ઉલટો છે. ખુદાની મેહેરથી મારી પાસ માલ દોલત બેશુમાર છે. માહરી ઓરત ઘણી પરેજગાર અને મીઠી જુબાની બોલનારી છે, તે નેકજાદ હમેશાં માહરા હોકમ સર ચાલેછે. માહરી જે મુરાદ તે તેની, માહરી જે ખુશી તે તેની, એ રીતે મારા મનની મુરાદ અને ખુશી પરમાણે ચાલનારી અને રીજવ-નારી છે. તે જેવી પાક હસતે બોહની ઓરતથી જુદું પડીને મને બાહેર જવા ગમતું નથી, અને બાહેર જાવું તો માહરા દોશત આશનાવની વફાદારી અને મોહબત-માં હું એવો ફશુંછું કે પછી તે નેક સાથીઓની જુદાઈ મને ભાવતી નથી. હું તીરનદાજીના હોનરમાં એકકો ગણાઉછું. તેથી જેવારે જંગલમાં શીકારબાજીએ જાઉ છું તેવારે ચાહું તેવાં ચરંદા પરંદાના શેકાર રમીને જીવ તાજો રાખુંછું; સદા કસરત અને સદા ખુશાલીથી માહરૂં બદન જુવાન અને ચંચલ છે. એમ હું ઘેરમાં અને બાહેર એકમાં ખુશખુશાલી ને આરામમાં ભરપુર છું; એટલે હજી તલગ મારા ઉપર જુવાનીનુ રૂપ ખીલેલૂંછે. આ સબબો મને તો લાગેછે; પછે આપ પાદશાહનો એઆલ."

આ બોલવાનો તોર અને મરદાંની ઢપરી ખાલીફ ખુશ થઇ બોલ્યો કે "ઓ દાનાવ પહરેલ તાહરી સમજ મને ખરી લાગેછે. દુનીઆમા તમામ સુખ ઘર ઓરતનાં સુખ પાસ એક તરફ રહી જાય છે. તું જે બોલ્યો છે તે તમાંમ ફીલસુફી ભરેલો કદીમ એકરાર કેહવાયછે. જેમાં કાંઇ તફાવત નથી."

"બંદે નવાજ હવે આ કંઠીનો હેવાલ સમજો, કે આ કંઠીની બેતી સાહનશાહ નોશીરવાંનના જમાનામાં ઉત્પન્ન થઇ હતી." તે શાહાનશાહના રાજચની જાઓજલાલી યાદ આવતાં તેની ચશમ આબદાર થઇ

ચમકવા લાગી. પણ ઇરાની તુખમ એટલે ભારી હીમત મનમાં જમાવ કરી આગલ બોલ્યો "તે કેશરના અદલ ઇનશાફની તારીખ આજ તલગ રહી છે. તે અદલ જમાનાના એક જમીનદારની જમીન બીજાએ ઇજારે લીધી. તે ઇજારાને કેટલાએક દીન ગુજારીઆ બાદ હલ ફેરવતાં એક દીન જમીનમાંથી એક ખાલેશ કંચન ભરેલું ખુમ નીકલ્યું તે જોતાં ઇજારદારે ચોકી રાખી તરત પેલા જમીનના માલેકને જઇ જણાવ્યું અને તે ખુમ માણસો મોકલી મંગાવી લેવા કહ્યું. પેલો જમીનદાર કેહવા લાગો, "કે મેં તો તને જમીન ઇજારે આપી. તેમાંથી જોયે તે નીકલો. તે ઉપર મારો દાવો હોય નહી" પેલો ઇજારેદાર કેહ "ના હું તો ખેતીનો ધણી, જે રોપું તેની ઉપજ નીપજનો માલક. મને આ ખુમ ઉપર દાવો હોયજ નહી. મેં કોઇ એવાં ખી નાખ્યાં નથી કે શુનાના ખુમ તેમાંથી ઉગી નીકલે! વાસ્તે એ તાહરો દાવો તું ઉડાવી જા અને માહરા કામમાંથી ખલલ દુર કર. " એ રવેસ રદબદલ કરતાં વજીર બુજરચેમેહરની પાસ તેઓ ઇનસાફ વાસ્તે આવ્યા. વજીર ઇનસાફી એલમથી શ્યાણો તેણે તે કજીઓ સમજાવવા સરખે હીસે વેંહચી લેવા જણાવ્યુ તો પેલો કહે " કે એ મારો દાવો નથી હું હરામની એક બદામ લેનાર નથી." અને પેલો કેહ કે "હું હરામનો એક તલ લેનાર નથી." બુજરચેમેહરે તે વાંધો કેશરા નોશીરવાંન ઉપર રવાનાં કીધો, તે દીન મુબારક જશનનો હતો; અને દરબાર કેઆની દબદબાથી આ દેવાનખાનામાંજ જેબ પામી રહી હતી. તે હીંગામે તે ઇનશાફે શાહાનશાહનુ સર ખેઆલથી ફરવા લાગું, કેશર દરબારની ઠઠવચે તે બંધેની ઉપલી જીકરી સાંભલીને બોલેઓ "ઓ એકીનદાર ઇનશાનો આ નવાઇ જેવાં તમારાં એકીનવાલો મારી પાદશાહાતના જમાનાનો હેવાલ તવારીખ મગરૂરીથી પોતાનો શીંગાર કરશે. જો તમોને એ સુનાના ખુમ ઉપર કશો દાવો નથી, પણ તમારાં બચ્ચાંઓનો તો કેહવાવો જોઇએ. બોલો તમને શું શું ફરજંદ છે?" તારે જમીનદાર બોલેઓ કે "મને બેટાનું" અને ઇજારદાર બોલેઓ કે "બેટીનું ફરજંન છે" તે સાંભલી આદેલ પાદશાહે કહ્યું કે જાઓ એ બંધે ફરજંદોની કદખુદાઇ કરો, અને સુનાનુ ખુમ તેઓની આ ખુશ ખુશાલીમાં ખરચો. આ ઇનશાફથી બધે જણા ખુશ થયા. તરત પાદશાહના હોકમને ભારી માન અને ખરચથી અમલમા લાવ્યા. અને તે નેક કામમાં સઘલું ધન ખરચ કરીને શેહેર ગજાવ્યું. આ રવેસના ઇનશાફ કરવાથી તે શાહાનશાહનું નાંમ આદેલોમાં પેહેલું બીરાજ્યું છે. અજાએબી આપી ઇરાંની પાદશાહાતને લાગી, કે પેલા સુનાનાં ભરેલા બેકીંમતી ખુમમાંથી એક અશરફી વટીક કેશરાએ ના લીધી. બલકે તે નજરે જોઇ નહી, બલકે તેનો ખેઆલ કે ખાબ પણ લાગ્યો નહી. તે અશોના રૂવાન ઉપર ખુદાની મેહેર હોજો. તે ઇનશાફ કીધેલાં વરસે તે એકીનદાર કણબીના ખેતરમાં આ ધઊનો પાક ઉતરીઓ હતો. અને તેની એકીનદારીની કદ ખુદાઈ ખુદરતથી બુજાઇ હતી."

હારૂન પેલા બુજરોગ દાનાવની વાતથી બહુ હેરાન રેહ્યા. તે નામદારે આ ઇરાનીને દુન્યાંનો માહેર અને જમાનાથી અંધારામાં રહેલી વાતો ઉપર અજવાલું નાખતો જોઇને બહુ આફરીન કીધી. તે ખુશાલીમાં તે ઇરાની મરદને ભારી શરપાવ ને નજરાણું બખશી નેઆલ કીધો.

ઈરાંની મરદ શાહાનશાહ નોશીરવાનનાં ખોરાકની તરતીબ અને તેની લડાઈનો રવઈઓ કહી સંભલાવેછે.

મગરેબમાં પેસતો સુરજ દલગીરીમાં ચકચુર થતાં તેજ ને દમામમાં ઠંડો એક સુનેરી ગોલો દેખાયછે. તે કુચ કરી જતા સુરજને પંખીઓ ગાયણથી વધાવતાં ગમ રાગણીઓ તાણી તાણીને વેરાગ ખીલવેછે. દુનીઆની જુવાનીના તેજ ઉપર જે પલ જાએછે તેમાં પરદો ફરી વલવાની તઈઆરી જાણીને ગુલાબની કલી બેતાબ થાયછે, અને મોજ મજાહ બેલી ખુશ ખુશ થયલો પરવાનો પોતાના રંગમાં ફીકો મારતો જતાં ફાની જીંદગીની હદ સમજીને પેઆરી ખુશીઓમાં બેફાંમ પડેછે, અને જે ચશમ થોડી પલ આગલ આતશ માફક ચમકતી તે જાંખી થતાં ખુશાલી કરવાથી હાથ ઉઠાવેછે. પલે પલે સીહાઇ દાવામાં ફાવતી જતી એક ફતેહમંદ પેહેલવાન મીસાલે આગલ આવેછે, તે દરખતોના દમાંમ ઉપર પંઠરાયછે, તે ગેલ કરતાં પંખીઓના સુખ ઉપર કબજાણની રેલ આપેછે. આ પલ ગુજરી ને સુરજ ઘણોજ નાદાર જાંખા બુઢા મીશાલે દેખાઈને છુપાયો, કે મદાયુન નીરાસ માશુક જેવી ફીકી પ્રકાશી. મેદાંન ગજાવતા પેહેલવાન મરદોએ પોતાની સ્વારીના ઘોડાઓને છોડીઆ. ઘડીભર સઊ ચુપ અને અંદાજે થઇ રહ્યું. રોશન રોજનું મોત નજદીક આવ્યું એમ સઊને લાગું. માનવીઓએ તે ખાલેકની બંદગી ગુજારી, પંખીઓએ પોતાની જીંદગીનો એલ મધુર ગાનતાંનથી સમાપ્ત કીધો. દુનીઆં ના રોશની કે ના સીહાઇમાં એ અવતારે રીબતી દેખાવા લાગી. બે દુશમન લશકરોના વાલી લશકરથી દુર મોત પોતાનાં નશીબ અજમાવવા દુરનાં મેદાંનમાં કસાકસી ઉપર હોયની! અને તે કસાકસી કોણને યારી દેતાં કોણ લશકર મેદાંન ફતેહ કરશે. એ આશા અને એ ધાસતીમાં રહેલાં લશકરી સીપાઇઓ મીશાલના દીન અને રાત તરફેણ કરનારાઓનો પડઘો થયો. રોશન સુરજે ભારી જાહોજલાલી ભોગવીઆ પછે આખરે રાતની ભારી ફોજના બલથી હાર ખાધી ને સમીસાંજના સેતારાએ મદાયુનને રાત આવીઆની કાસદી બરાબર વખતે પોંહોચાડી કે, એકદંમ એક પલમાં ખાલીફ હારૂનના લશકર અને તંબુઓ અને નોશીરવાનના મોટા મેહેલમાં લખો લખ રોશંન ચેરાગો ઝમકી રહ્યા. આશમાને શેતારાઓની ફોજ ખેંચી દુનીઆને છેક અંધકારમાં ડુબતી બચાવી. ખાલીફે મદાયુનને રોશંન કીધું, જેથી બગદાદની-દરબાર મદાયુનમાં ભારી દબદબાથી ખીરાજી હતી. તાંહાં પેલા ઇરાંનીની વાત અને ઢપ ઉપર સઊનુ ધેઆણ લાગું હતું, તેવામાં ખાલીફે નવાજેલા શરોપાવથી સઊ હેરત થયા. શરબતની જામ ચાલુ થઇ, અને વજંનતરથી આશમાંન ગાજયું. એટલે રાતનો મહીમા પુર તેજમાં ચમકયો. ખાલીફે ગુલાબી શરબત ભરેલી જરાવ જાંમ નોશ કરીને કેશરા નોશીરવાનનાં કામ ને દોખમાની નીશાંન જાણવા ચાહી. પેલા ઇરાંનીએ બનામે ઇઝદના કલામથી પાછી વાત ચલાવી.

"જેહાંપનાહ આદેલ નોશીરવાંનની બાધુરીથી એકવાર આપ માહીર થાવો કે તેની અવલમંજલ જગાના બઆનનો કાંઇ સાર મગઝમાં આવે."

"ચલાવ તારે ઓ જેહાંદીદેઃ ઇરાની તે ફરેસતાઇ શાહનશાહની બાહાધુરીનુ બયાંન."

તખત ઉપર આ બોલતાં ખાલીફે પોતાની બાજુ ફેરવી. પછે એક ધેઆંણથી

તેના હાથમાં જે મોતી કામથી મડેલી લાકડી હતી, તે ઠુંડી સાથ ટેકવી તે ધરાંની તરફ જોતો રહ્યો પેલા ઇરાંની ખાલીફના સખુન સાંભલતાં બેઠક ઉપરથી ઉઠીને કુનસ બજાવી પાદશાહી ઇજતે તાજીમ અદા કરીને ખાલીફના હોકમથી બેઠો અને બોલ્યો.

"આદેલ નોશીરવાંનનું ફકત ખાનું પકાવવાવાલું એક જુદુંજ મકાન હતું, તે મકાંનમાં સેંકડો જન શાહાનશાહનું ખાનુ પકાવવા લાગેલા, તેમાંથી મુરગ મીશાલે ભારી કીમતના ગેંડાઓ આખા ને આખા તરેલાં મેજ ઊપર આવતા હતા. હરણો લાલમલાલ કીધેલાં અને ભારી તનનાં બાજ જાણવર શેકારીઓથી શેકાર થયળાં તેના ભુજાયલા કબાબ એ ઓરાક તે શાહ હર રોજ ખાતો હતો, અને અકલ હેરાંન રહે એ રવેસ તે શાથ શરાબના કેરબા ને કેરબા ઊઠાવતો હતો. તે શાહાનશાહને એ રવેસ હાથીઓથી ન જેરવાય એવો ભારી ખુરાક ખાતો જોઇને હું દરરોજ અજાયબ વિચારો દોડાવતો કે, "આ રવેસ તન સુસત કરનાર ઓરાકનું ખાનું ખાવાની તએહ ગોયા શાહાનશાહને બેમુલાં ઝવેરમાં ખાપણ શરીઓ દાધ છે. જેમ તે ખાપણથી ઝવેર કોડીને કામનું ગણાય તેમ અદલ શાહાનશાહ ઠરેછે" આ એખ્યાલથી હું દરરોજ દલગીર તેમ નાખુશ રેહતો હતો. એક વખત કાસદો ખબર લાવ્યા, કે "એક ભારી લશકર ઇરાન ઉપર ચઠી આવેછે. તેનો સરદાર કદાવર અને જંગબાજછે." તે હલકારાઓની ખબર ઉપર કેશરા નોશરવાંન ગમખારને ઠેકાણે ખુશાલ થયો, પછે એક ઇરાની લશકરને તઇયાર થઇ શેહેર બાહાર કુચ કરી જવાનો હોકમ આપ્યા પછે પોતે બખ્તરમાં ગરક બન્યો. ભારી તેજ હથ્યારો તન ઉપર લટકાવ્યાં, સર ઉપર લડાયક તોપ મેલી અને એક તેજ ચાલનો ઘોડો જે ખશુશ જોખમ ભરેલાં કામ માટે રાખેલો તે ઉપર સવાર થયો.

મશરેકથી ઓરશીદે સુનેરી કીરણ ફેંકયું. રૂપેરી પટરીની ઝમઝમ થતી તોપથી કેશર નોશરવાંન યાહુમ પેલાં લડાઇના મેદાનમાં જઇ લાગો. લશકરોની સફ સમારેલી, અને લડાઇની તલબમાં ભુખ્યાં વરૂ મીશાલે સીપાઇઓ દેખાતા તેમાં ઘુસીઓ. પોતાના લશકરનાં સપેહશાલારને લડાઇથી મના કીધા. પોતે શમશેહેર મેયાનથી ખેંચી કે દુશમનનું લશકર તે ઉપર તુટી પડયું. તે દુશમન સરદારે કેશરાને વચે ઘેરી કાપી નાખવા ચાહ્યું, પણ શાહનશાહની તેજ તલવારે તરત પોતાનો રોબ બતાવ્યો. ભઠ્ઠીમા ભુંજાઇ ઉડતી ધાણી મીસાલે એક, પાંચ, પચીસ એમ દમ પર દમ સર ઉડવા લાગા. દુશમનો ઘાબરા પડેઆ. જેમ બાજી સમાલે તેમ તે ઊલટા ખોહી બેસે. એમ દુશમન સીપાઇઓ નાહીમત અને લાઇલાજ કરતો પેલા લશકર ખેંચનાર સરદાર સામુ જઇ લાગો. એકજ ચમકાટ હેવામાં ધુમીઓ અને તલવારના એક જટકાથી સરદાર કમરમાંથી કપાઇ ગયો. લશકરમાં નાહસ ભાગ સરૂ થઇ. કોઈ હથ્યાર મુકી તાબે થતું, કોઈ ખુનકી ઉપર ચઢી એકજ ઝટકે કપાઇ મરતું અને કોઇ દમ ઉપર રાખી મેદાનથી પીઠ ફેરવતું ઓરશીદ માંથે આવતાંમાં નીસ્તી થયું. શાહાનશાહે કોઇ સવાર લડાઇ તલબનાર જેવારે જોયો નહી, તેવારે તે પાછો ફરયો. પેલાં લશકરને સફ સમારેલુંજ પોતાને મકાને જવા હોકમ કરયો. નાગી તલવારે પોતે પણ શેહેરમાં ફરયો. ખલક ફીદા થઇ બેમુલી ચીજ વધાવા લાગી. કેશરા તલવાર મેયાન કરવા ગયો પણ તેની મુઠ પંઝામાં બેસી ગયલી, તે નિકલી નહી. જારે મેહેલમાં આવ્યો તારે તેના ઘણા ઉપાય કીધા પણ તમાંમ

ફીકર ગયા. હકીમોની ઠઠ મલી, કોઇ કાંઇ અને કોઇ કાંઇ ફરમાવે, પણ તે ઉપાયો નામનાજ રેહ્યા. તે દરમ્યાન એક બુજોરગ હકોમ સરે ઉપર સરદાર મિસાલે હતો તેણે ફરમાવ્યું, કે 'એ કેશરા નોશરવાંન ઉપાય ફકટ એકજ છે, કે દમબદમ હજાર બકરી-ઓનું દુધ તાહરા હાથ ઉપર દોહોવાડ કે તેની ગરમીથી તાહરો પંઓ છુટશે, અને મુઠ જુદી પડશે ! ફરમાબરદારોએ તરતજ હજાર બકરીઓ પાદશાહી ગોવાલીઆ પાસ મંગાવીને હાજર કીધી. વજીરોએ તરત હકીમોને હવાલે મુકી, અને તે ઉપાય સરૂ થયો. હજાર બકરીઓનું દુદ દોહવાયું કે તે ગરમીથી પંઓ છુટો અને શમશેહેરની મુઠ નિકલી. આ લડાઇ અને હકીમું જોઇને મેં માહરા આગલા વિચારોની તોજેસ કીધી કે "જે ખોરાક આદેલ શાહનશાહ ખપછે, તે તેને છાજેછે, અને અને જે પેહેલ-વાનગીરી, એલમ, હોનર અને હકીમા વાસતે ઇરાનની મોટી શાહનંશાત વખણાયછે તેને તે બેશક લાયક છે. ખાવું, જેરવવું અને વખત પરમાણે જોર બટાવવું, એજ ખરી દલેરી અને ઇનશાંનગીરી" એ રીતે કેઆશથી મેં માહરા આગલા વિચારો ફેરવ્યા, અને જેટલા અંદાજાથી તે નેકનામ શાહાનશાહને જોતો, તે ઠાણે સેંકડો દરજજે વધારે તવાજોથી જોઇને હેરત રેહવા લાગો."

ઇરાની મરદ શાહાનશાહ નોશીરવાની રાજતબેહ ને સખાવતનું બયાણ કરેછે તે હેરતભરેલા બનાવના પુરાવાથી ખાલીફને અજાએબ કરેછે.

હારૂનની મીજલશ પેલા ઇરાની મરદની વાત સાંભલી દંગ થઇ. ખાલીફે શરબતની જામ તલબ કરી પોતાને હાથે પેલા મરદાંનેમરદ ઇરાંનીને બખશી. તે બેમુલી જામ ખાલીફ જેવા પાદશાહાત ચલાવ-નારની યાદગારીને લાયક હતી, તે પેલા ઇરાનીએ ભારી તવાજોથી લઇ નોશ કરી અને પોતાને તે મલેલી બખશેશના વખાણ બજાવીને શહાનશાહ નોશીરવાનની બક્ષેશનું બેયાન ચલાવ્યું કે સરવે મીજલશે, ઇનતેજારીથી કાન ધરયા. વાત ચાલી.

"એ જમાનાના તાજદાર હોમાયુન ખાંલીપ, તે શાહાનશાહ હરરોજ જે ખાનું ખાતો, તે ખાનું બેકીમતી સુનાના તબાકોમાં બકોલ લોક લાવતા હતા. તે તબાકોની કીંમત તે વખતના એક હજાર સુનેરી દીનાર થાતી હતી. તે તબાકો જયારે તે આદેલ કેશરા ખાનું ખાઇ ખાલી કરતો ત્યારે જે મોતાજમંદ દરવાજા ઉપર આવી ઉભા હોય તેઓને તે બખશીનદા કરાવતો હતો. જે જામ તે શરાબની ઉઠાવતો તે ઉઠાવ્યા પછે જે જવાંમરદ ઉપર તેની મેહરબાંની થતી તેને નવાજતો હતો. એમ દરરોજ તે બક્ષેશો તે નેક શાહાનશાહની જીંદગી તલક જારીજ હતી. તેની પાદશાહી મીજલશના બીરાજનારા એક હજાર નામીચા બાહુરો, પછે કોઇ પેહેલવાંનગીરીમાં તો કોઇ પાદશાહાત કારોબારમાં, કોઇ જબાંદરાજીમાં તો કોઇ કલમકશીમાં, કોઇ શાહેરીની ઉસ્તાદીમાં તો કોઇ હીશાબ ગણતરીમાં, એમ જુદી જુદી શાખાની માહીતગારી ધરાવનારા હતા. તે મીજલસ દરરોજ શાંમ પડયા આગળ મળતી, તે દરમેયાન ચોકસ કામ કાજ થયા પછે ખુશ ગોફતેગોહમાં થોડો વખત રેહેતી. શાનશાહ પોતાની પાદશાહાતના તે નામીચા નરોની ખુશબાજીમાં બરોબરયા મિસાલે ભાગ લેતો. પછે બરખાસ્ત થતી વખતે દરેકને

એક એક જામ શરબત પોતાને હાથે આપતો હતો. જામ તો, પાદશાહે તેમના ભારી કામની પરખ બુજયાબાબે અગાઉથી શોગાત મળેલી તેઓ પાસ રેહતી, પણ એક હજાર જામ ભરાય તેટલાં શરબતનો જડો તે એક નાહનાં શીશાથી પુરો કરતો હતો." એટલું કહીને એક જામ તે શાહનશાહથી પોતાને મળેલી, બક્ષેશવાલી પોતાની પાસથી કાહી અને હારૂનની જનાબમાં ધરી. મીજલશ તે જામ જોવાને ગુંટાઇ, કે તે જામ આજની ચીનાઇ ડાબડી જેવી બેમુળાં જહવેરોથી મઢેલી હતી, પણ જેવારે તે ખુલતી તેવારે તેમાંથી એક ખાલેશ સુનાનું ખ્યાલું ફુલ મીનાકામની બારીકીથી ઘડેલું નિકલતું, પેલો ડાબડી જેવો આગલો આકાર તે પ્યાલાંની કોર થતી અને ઉપડી જતું, ઢાંકણુ હાઠા તરીકે થઇ રહેતું. હારૂન તે કરાંમતવાલી જામ જોઇને તાજુબજ થઇ રેહ્યો, પણ તેવામાં પેલા ઇરાનીએ પાદશાહી તરીકો બજાવી તે જામ તે ખાલીફને શોગાત લેવાની અરજ કરી. પેલા દેખાવળા જબરદસ્ત ઇરાનીની આ તારીફ લાયક શોગાત હારૂને મોટા પેયારથી કબુલી. મીજલશ પેલા ઇરાનીની શખાવત ભરેલી તબેહ ઉપર હેરત થઇ રહી. પેલા ઇરાનીના હોટ ફરી હીલવા લાગા કે સઉ જન એક ધ્યાન થઇ ગયું. ફરી પેલા ઇરાનીના અવાજથી હારૂનની મીજલસનું તેજ ઠર્યું. તેનો અવાજ ખીલ્યો. "તે શીશાનું મોહ ખોલીને શાહાનશાહ શાકીના અવતારે પોતાના નામીચા નરોની નલાને ખુશબોદાર શરબતથી ડેંડક પમાડતો હતો. તે શીશો તું ખાલીફ જોઇ તેની અજમાયશ કર્યા વગર આ મારી કહેલી ખરી ને નજરો નજર જોયલી બાબતને હસી કાઢવાને પછાત ના પડ. તે શાહનશાહ પાસ એક તાજ ફકત કશબી શેઆળથી ગુંઠેલું હતું, કેજો તે કીંમતમાંતો નિરજીવ હતું, પણ તેમાં એક ખાશીયત અકલમંદોની અકલ ઉપર બાજી લઇ જનાર હતી. કે જેવારે તે કશબી તાજ ઉપર મેલ ચડતો તેવારે તે સાફ કરવા આતશની ભઠીમાં નખાવતો. તાજુબી છે કે કપડું જલી ખાક થવાની જગો કંચન મિસાલે નવુ ને જહલકાટ ભરેલું થતું. તે તાજ તે અદલ નોશરવાંનને હીંદુસથાનના એક જોરેમંદ સરદારથી ભેટ આવ્યું હતું, પણ જેવારે તે ભેટનો બદલો નોશીરવાને તે શોગાત કરનાર ઉપર મોકલ્યો તેવારે તેની અકલ ઘડીભર ચકીત થઇ. તે ભેટ એક તાજ સાથના પોષાગની હતી. તે તમાંમ સરનજાંમ એક નલીમાં સમાએ તેવો બનતો અને તે નલીને પર તથા પગ બનાવેલા તે હાલી જાંહાં જવા ચાહે તાંહાં એક અનદીઠ તનખા મુજબ જઇ પડે પછે તેમાંથી નિકલી ચાહે તે કરી શકે. આગમાં પડે તો જલે નહી. દરીઆવમાં પડે તો તે દુબે નહી. એ બક્ષેશ થતાંજ દરબાર દીલગીર બની તો તરત પેલા દરબારીઓને બાંગેબુલંદ કહી જણાવ્યું કે એ નલી માહરી કસી ખીસાતમાં નથી. જાહાંતલગ માહરો ઇનસાફ અદલ અને દેયાનત પાક છે તાહાંતલગ આ માહરૂં મન તમાંમ એ રવેશની કરાંમતી ચીજો કરતાં બેકીમતી અને ઘણુજ બેહેતર છે. એ નલી ગોયા માહરા પગના આંગલાના નખના નશા કરતાં પણ નકામી ને નિરજીવ છે. દરબારને શાહનશાહની આ તાજુબ તકરાર બઉજ પસંદ પડી. વડા વજીરે તેના સવભાવ પર આફરીન કરી જણાવ્યું કે ઓ આદેલોના એક્કા પાદશાહ તાહરો દીલગુરદો ખરેજ ફરેસતા કરતાં બાલા છે. તાહરૂં રૂવું વટીક આ નલી કરતાં જીયાદા કીમતી તો પછે હમોને એ એક નલી શું પણ નલીથી ભરેલી એક દુન્યા પણ તું

નેક કેરદારના એક પાપણથી નિરજીવ છે. શાહાનશાહ પોતાના દાનાવ બુજરચેમેહેરથી આ રવેશ અકલની ગોફતેગોહ સાંભળતાંજ ખુશ થયો. તે નેક અકદશે હોમાયુને તરત ખજાનચીને હોકમ કીધો કે તાંહાં એક શુનાની શંદુક ખિદમતગારો લાવ્યા કે શાહાનશાહે તે ખોલીને પોતાના દરેક દરબારીને પોતાને દસ્તે તેવી એક એક નલી ભેટ કરી, તે આ રેહી" કે એક બહુની નલી જેવી શુનાની નલી પેલા ઇરાનીની કમરેથી નિકળતી ચમકી. ખાલીફે ઘણીજ હોંસથી તે ખોલી કે દરબારને અચરતીનો પાર રહ્યો નહી. ખાલીફે તે પોષાગ પેઠયો કે તે નલીમાં દાખલ થયો કે નલીએ પોતાની પાંખ ને પગમાં જોર આવતાં ઉડવા માંડયું. એ થઇ રેહતાં મુસલમીન દરબાર ઇરાનીથી બહુ ધ્રુજવા લાગી. ખાલીફ તાંહાં સળગેલી મસાલ ઉપર પેલી નલીથી પડયો પણ તેને કશો એલજામ આવ્યો નહી. જારે ખાલીફ તે નલીમાંથી નિકલ્યો, તારે એક જબરદસ્ત પેહેલવાંન મિસાલે ભારી તન અને મોટી દલેરી તથા હિંમત ભરેલો બનેલો દિસવા લાગો. પછે પોષાગ કાઢોને નલીમાં મુકયો, પણ તે નલી પાછી આપવી એમ ખાલીફનું દિલ ચાલે નહી, તે પેલો ઇરાંની પામી ગયો. વલી તેણે ઉઠીને પાંદશાહી કુનસ બજાવી તે નલી શોગાત રાખવા અરજ કરી આતુર થઇ ઉભો. અજાયબીથી હારૂનનો જોઇજ રહ્યો. મુસલમાન ખાલીફની જબાં બંધજ રહી. ભારી મરતબો આપી ઇરાનીને બેઠક લેવા કહ્યું. પાદશાહી કીમતની શોગાત હારૂનના હાથમાંજ રહી. પાછી જબાંની ફીલચાલ જારી થઇ. પેલા ઇરાનીએ સર નમાવી વાત ચલાવીકે તે દબદબા ભરેલો જમાનાનો શાહાનશાહ જેવી બક્ષેસ, જેવો ખજાનો અને જેવો અદલ ઇનશાફ ધરાવતો તેવાજ તેની દરબારમાં દલેરો રેહતા. જેઓ પલમાં નરેશેરને પોતાના પંજાથી ઉખેડી નાખનારા હતા, તેવાજ ફકત એકજ કુડકાથી પોતાના તેજ ખંજરે મરદાંનેમરદ મુદઇને જમીનદોસ્ત કરનાર હતા અને તેવાજ ફકત સાંભળતા સુખનો ઉપર આબાદ તીર ખેંચનારા તીરનદાજ હતા કે એક વખત શેકારઘાહમાં તે નેક શાહાનશાહના તંબુમાં માજલસ મલી હતી, અને સઉ જણ પોત પોતાની શેકારબાજીના વખાન કરતા અને શરાબની નોશ ચઢાવતા, તેવામાં તે દીન શેકાર થયલા એક નરેશેરની માદા ખુનખાર થયલી તે મીજલશમાં કુદી પડી, અને જે વખત જાયકે તે અરસામાં તેના મરદ જાણવરને શેકાર કરનાર દલેર ઉપર પંઝો ઉઠાવી તેને ગીરદાપેજ કરે શું કે એક દલેરે બોલબોલતાં તે ઉપર પોતાનો પંઝો મારયો. પલ ના ગુજરી કે તે ખુન ઉપર આવેલી શેરની માદાના જરબાં ચોરી નાખ્યાં. તેના પગો ધરી તે એક તનના બે તન બનાવ્યાં. શાબાસ શાબાસ પોકારો થયા. પાદશાહે ઉઠીને તેની છાતી ઠોકી. હજીતો સુરાઓને ખબર પણ નથી કે મીજલશમાં શું થયું, એમ તે બનાવ વાવ મીસાલે બની વહી ગયો, તેજ હીંઘામની શેકારબાજીમાં શાહાનશાહ નોશરવાનનો એક સગો તે નેક કેશરાનો છુપો મુદાઇ રેહતો, તેણે શેકારને બાહને કમાન ઉપર તીર ચઢાવ્યો કે તે આબાદ શાહાનશાહના તનને વીંધી બેજાન કરે, પણ તે નેમ દુરના એક સીપાહને જણાતાંજ નરે શેર મીશાલ પોતાના ઘોડા ઉપરથી કુદયો, બીજી પલે જોસભરેલા પણ કુર શાહાનશાહના જાન ઉપર ઉમેદ ધરાવનારા કલેજામાં તેજ ખંજર કારી કીધું, ને પાછી અસલ માફક

પોતાની ઘોડસ્વારી લીધી; શાહાનશાહે દુરથી શાબાસીનો પોકાર મારયો. પાસે આવતા પેલા સીપાહને માનને મરતબાથી નવાજયો. અને પેલી પાદશાહી તુકમની લાસને તેના કુટુંબીઓમાં ઠેકાણે પાડવા હોકમ આપ્યો. તે શાહાનશાહના પશંદ કરેલા વીસ હજાર તીરનદાજી સવારો હતા. એક વખત તોફાનથી મદાયુનનું શેહેર ધ્રુજી રહીયું હતું પછે અંધકારનો પાર નહી. વરસાત કહે કે માહરું કાંમ. તે દરમ્યાન એક બીલાડી બાહેરથી આવી મેહેલમાં આશરો લેવા દાખલ થવા ગઈ પણ મેહેલના દરવાજાને બાહેરથી પરદો હતો તેમાં તે બીલાડીની ચુંગાલ વળગી અને તે લટકી પડી. ઘણીબી તદબીર ને ઉછાળા કરી તે બીલાડીએ તાંહાંથી નાહસવા માગ્યું પણ બનેજ કેમ ? જારે ઘણીજ ઠાકી ને બેજાર થઇ તારે પોકારવા લાગી. તે રાતના પાદશાહના મેહેલ ચોકી પેહેરા દાખલ વીસ તીરંનદાજો હતા. તેઓના કાને તે અવાજ પડતાંજ તેઓએ પોતાની તીર ચઢાવેલી કમાન ખેંચી, તીર છોડયા, કે આ અંધારી રાત અને વરસાત તોફાનનું જોર ભારી તેથી ચોર લુતારુઓ ચોરી કરવા પાદશાહી મેહેલમાં ભરાયા હશે; તે તીરઅંદાજોનો તો આ વીચાર, તેથી તે છુટેલા તીરો એકજ વખત એકજ નીશાને, એવા તે બીલાડીની પીઠે પેસી ગયા કે સાધરણ જોનારને ગોયા વીસ તીરનો એકજ તીર જણાય. એવી નીશાનના સાબુત કે કોઇનો તીર ફોકટ કે દુર કે આગલ પાછલ ન થયો ! જવાંમરદી બજાવવાનો જમાનોતો તેઓનોજ હતો. ખરી બામદાદ તે બાબત પાદશાહે જાણી. અને તે કામની કદર બુજીને તે વીસ તીરનદાજોને સુધ હીરાથી મેડેલો એક એક ઝરી પાણી પાયળો પુલાદી અનીનો તીર બક્ષીશ આપીયો. તે દીનથી તે વીસ તીરનદાજો તે તીર, મરતબાની ઇનામ ઇંધાણી તરીકે પોતાના ભાઠરાના મથાળે મુકતા હતા. તે રાતના ચોકી પોહોરા કરનારા તે તીરનદાજોમાંના મેં એકે ઓ નામદાર ખલીફા તે ઇનામ મેળવેલો આ પેલો બેમુલો તીર" કહીને તે દબદબા ભરેલા મુશલમીન ખાલીફ અને તેની દરબાર હજુર ચેરાગોની રોશનીમાં તેણે તે તીર પોતાની પીઠના ભાથરાના મથાળે-થી ઝપક કરતો કાઢીને રજુ કરયો. સંધા મીજલસીઓ એક પછે એક, ખાલીફ તે તીર જોયા પછે તપાશી તેના ઉમદા અને બારીકીનાં કામ અને ભારી દામથી દંગ રહેઆ. આગલ માફકજ ખલીફ તે તીર પોતાનો કરવાની ખાએશ કરેછે તેવામાંજ ઇરાનીએ ભારી તવાજોથી તે મુશલમીન ધરમના વડા હજુર ભેટ મુકયો. તે ઇરાની શાહનશાહ નોશીરવાનના દુખમાની નીશાન જણાવા જબાં બોલે શું કે હારુને તે હેવાલ જાણવા શુબોહ વખત મીજલસ નેમી. રાગરંગ જારી થયા. ખાનાના ખુમચાથી ખાનાનું દેવાનખાનું મગ મગ બન્યું. મીજલશ ખાના ઉપર ગઇ. પેલો ઇરાની પોતાના ઉતારા ઉપર તવાજો બજાવી ચાલ્યો. ખાનાથી ફારગ થતાં મીજલશ મચી. રામશગરોએ શરોદ ખેંચ્યા. પેલા ઇરાનીની છટા ને રુપ ઉપર ગાયન તરત જોડાયાં ને તરતજ ગવાયાં—ખાલીફ તેથી ખુસ થયો, તે હોમાયુને ઇરાનીની બેહદ તારીફ કરી.

ઇરાની મરદ ખાલીફ હારૂન-અલ-રસીદને આદેલ નોશીરવાનના દોખમની નીશાની આપી તે જોવા લઈ જાએછે.

ખાલીફની મીજલસ મદાયુનમાં બામદાદની નીમાજ પછે ભરાઇ, તાંહાં પેલો ઇરાંની તે મીજલસમાં આવેઓ, તેને ભારી મરતબાથી ખાલીફે સુનાની ખુરસી આપી. તમાંમ ઇસલામી દરબારીઓએ તે ઇરાંનીને અજાએબીથી ઇજત નવાજી, સબબ કેશરા નોશીરવાનના દોખમાની હકીકત જાણવાને તેઓ ખંતી હતા. પેહલાં ઇરાંનીએ આજુ-બાજુ નેધા કરીને ખાલીફ તરફ નજર ફેરવી. તે બોલીઆ આગલ પાદશાહી અદબ બજાવા ખાતર ઉઠીઓ, હોકમથી બેઠો અને અંદેશાથી જબાં ચલાવી; કે "એ નવીનવાઇના શાખા જેહાંપનાંહ, આદેલ નોશીરવાંનનું દુખમું સામેથી દીસતા કાફ ઉપરના બીજા ઉંચા કાફ ઉપર હઇથા સાત ફરસંગની મંજલે છે. પાયો તમાંમ સંગે-મરમરથી બાંધેલોછે. ઉપરથી તે દુખમુ તમાંમ કુનદનથી બનાવેલુંછે. તેની ફરતી દેવાલ ખાલેશ ચાંદીનીછે, તે અંદર ગોહર લાલ માંણક મોતીએ તે નેકનામના નેઆ-ગાંનોની સબીથી દેવાલ રોનકદાર જડેલીછે, જેથી તે સીહા ગુમબજ આફતાબથી રોશન થતા દીન મીશાલે ઝલકાટમંદ છે. તે દોખમામાં તમાંમ ગંજ ખજાંનો તથા બેમુલાં હથીઆર વચે એક બીલોરનું તખત છે તે ઉપર શાહાનશાહ નોશીરવાનનું તન તમાંમ જરી દેબાહેના કફનમાં ઢંકાયલું ફરમાવેઆ પરમાણે મુકયુંછે. તમાંમ તન આદેલ શાહનું તમાંમ પાદશાહી જહ ગોહરના સાજમાં ગરક છે. એ નામદાર ખાલીફ કોઇ કેહશે કે કેશર નોશીરવાન તખત ઉપર જીવતોજ બેઠોછે! તેના માથાં ઉપર કદીમ બેમુલું તાજ જેબદારછે. તેના તન ઉપર ભારી કીમતની દવાઓ મસલેલીછે કે તે તન કોઇ વખતે પણ બગડી નહી જાએ. તેનુ બદન તમાંમ અંદરથી ઉમદા અરકોથી ભરી નાખ્યુંછે, કે તેમાં કોઇ જાતનો સરો નહી લાગે. જેવા તે જીવતાં તખત ઉપર બેસતો તેવોજ તે હાલમાં પોતાના દોખમામાં તખતનશીન છે. જેવારે તે શાહાનશાહનો વાંકો થયો, અને આ બેવફા જમાનાથી હીસાબ ચુકતે તે નેક કેશર હસતીમાંથી ગુમ થયો તેવારે તેને દોખમ ઉપર લઇજતી વખતની પાયદસ્તની બે હાર આ મેહેલથી તે આખર કરાર મેહેલ તલગ જમની ડાબી ફકત શાહાજાદા અને મુલકોના હાકમોનીજ લાગેલી તે વચેથીજ તેનો જનાજો મુશકેલીએ જઇ શકયો. તે વખત કોઇ હીલી હાલી પણ શકયું નહી. કરોડો ખલકતથી તે વખત તે સામેનો પાહડ અને તેને લગતી સરહદ એવી ચીકાર કે કીડીને જવાનો મારગ નહી રહેઓ. ગાવીઆની ગુંડો ઉડી રહેઓ હતો. હજારો જવાંમરદો આશુંથી ગળતી ચશમો સાથ, હજારો નાજની બાળે બાળ પીખી રહેલી, હજારો શાહજાદીઓ તન બદન પીખી પછડાઇ પડેલી, લઓલખ ખલક પોકારો ને જારી કરતી, લઓલખ સીપાઇ બચાઓએ ગીરેબાંન ચાક ચાક કરી નાખેલાં, હજારો દરબારીઓ દરદથી રદન કરતાં, ને હજારો અયાલ કાપી નાખેલા બોરકા ઘોડાઓના દરદનાક અવાજો, એથી જાણે તે વખત રોજે રસ્તાખેચ મચ્યો હતો. હવાએ તાંહાં આવી ડંમ થઇને તે શાહનશાહના ગમમાં ખુનુ પકડાયું હતું, વાદલે તેના ગમથી પોતાનું બદન ટપકાવ્યું હતું. પંખીઓ રૂદનના શરોદ લંબાવી કળાપીત કરી રહેલાં. પસુઓ તેના અદલ ઇનશાફની ખુબી ઉપર નેધા પોંહોંચાડી ચુપ દીલગીર ઉભેલાં. તે દીન આ વાતથી માહરી યાદદાસ્ત મારી

ચશમમાં તાજો કરેછે" આ વાતથી જો કે પેલા ઇરાંનીની હીમત નખાતી ચાલતે જો કે આંખમાં આશુ આવી જતાં વાર ના લાગતે એવો હીંગામ હતો; કેમકે તે ભલા ઇરાંનીને તે જમાનાની પોતાનાં વતનની જાઓજલાલી, દબદબો, પાદશાહો અને જવાંમરદી યાદ આવી, તેનો સીનો તે હોંફગથી ઉપસવા લાગો, તોપણ ઇરાનીના લાહીને લાએક રીતે ચાલવાને પકકો ઠરાવ ભરેલો રહો. ના તેણે કાંઇ નબલાઈ કે નીરાસી દેખાડી. ના તે કમલી પડયો કે રડી રહેયો. એક સાધારણ દેખાવની યાદ માફકજ તે હીમતથી ટકયો, તેણે પોતાની પાક ચશમનું સફાઇદાર આશું મુશલમીન મહજબના ખાલીફ અને તેની દરબાર હજુર નાખવાને અફસોસ ભરેલું વીચાર્યું. તેનો તોર આ વીચારે ખીલી રહો. તે આગલ કરતાં એવડી હીમત તેમ દલેરીથી બેડો રહો. તે આગલ કરતાં હમણાં ઘણાજ ગંભીર અને લાયક જોસામાં ઉસકેરાઓ. ના તેણે ખાલીફને ધીકારયો કે ચાહ્યો. તે તો ઇરાંન અને ઇરાંની—એ સંબંધવાળા વીચાર ઉપરજ ગુમ સરીઓ બની ગયો. અસલ પરમાણેજ વાત આગલ ચલાવી કે "એ મુબારક એકબાલના ખાલીફ તે ગજબનાક દીને આફતાબે આશમાંન ઉપર આવ્યાની હીમત કરી નહી, તે પણ ખરે માહુતંમ ભરેલો થઇને સીહાઇમાં રહ્યો; આ મદાયુંન તો જાણે બાપ વગરના નાહના છયાં મીસાલે રદતું રવડતું દેખાવા લાગું. જો કે આજ આ શેહેર મદાયુન તમાંમ જાતની હાલહવાલીમાં ગરકાવ છે, તોપણ તે દીન જેવું બરગસતે લાગતું નથી. તે રાહ આજ તમાંમ જંગલી ઝાડીથી ભરાઈ જઇને જંગલી ફાડી ખાનાર જાણવરોનો મુકામ બન્યોછે. ફકત તે દીન હું તે નેક શાહાનશાહની અવલ મંજલગા જોવા ગયો હતો તો ચોવીસ મોહટા પાહાડો મને વીટાવા પડયા હતા. તે જગા આજ ઘણીજ મુશકેલ થઇ પડી છે, કે માનવી જાત જઇ શકે. આજ ગમે તે કરતાં પણ કોઇ ઇનશાંનની તાકાત નથી કે તે કેશરાની દુખમ પાસ જઇ પોંહોંચે. એવી બીકટ રાહ અને બીઆમની ઝાડી તેથી તાંહાં જતાં કોઇ સલામત રહે એ ઉમેદ આજ નકાંમી છે. બાજું એ હફતઅકલીમના ખાલીફા શાહાનશાહ નોશીરવાને દુરઅંદેશથી પોતાની દુખમ જેવા ગુમબજો બીજા સાત પાહાડો ઉપર બનાવી, માનવીને ભોરવ્યા જેવુ કરયું છે કે નકામી રીતે તેનાં એકાંત પડેલાં તનને કોઇ કોઇ દુશમન પાદશાહ ઇજા નહી દે."

ખાલીફ હારૂન-અલ-રશીદ અને તેની દરબાર ઇરાંનીની વાત સાંભળી હેરત રહી. સઉએ પોત પોતાનાં મનથી વીચાર કરીને તે ખેઆલ તજી દીધો. કોઇની હીમત પોતાના ખાલીફા સાથ જવાની ચાલી નહી. દાનાવ દરબારીઓએ ખાલીફને સમજાવી એ અજાએબ શોખથી વાળયો, અને સઉ જને આ વાત કાઢનાર આગલા દરબારી ઉપર પોતાની ઇતરાજી બતાવી. તમાંમ દરબારે તેની ઉપર તાનાજની ને ધીકારનો વરસાત વરસાવેઓ. ખાલીફ વચમાં તરાશથી ન પડેઓ હતે તો તે ઇસલામીઓ પેલા નવી નવાઇના સોખપર ખાલીફને લાવનાર ઇસલામી દરબારીનો જાન લેતે. જારે તમાંમ દરબાર ઠંમ થઇ, અને પેલો ઇરાની ખાલીફ તરફ નેઘા કરી રહ્યો, તેવારે ખાલીફે જબાં ખોલી કે "એ દુનીઆ જોઇ વલેલા [illegible]ત કરનાર ઇરાની તે નેક શાહાનશાહનું દાખમું હું જોયા વગર રેહનાર નથી. માહરી મરજી પરમાણે થવા સારૂં કોહેકાફ ખોડવો પડે તો તે ખાતર માહરો ખજાનો હાજરછે. જોઇએ તો સાત નવી નવાઇના દરીઆવો કાંય નહી વચમાં

આવતા, પણ હું તે મુશકેલી તાલનાર થશ. ગમ એવાં દરદ ને આફત પામીને જાતે તે નેકનાંમ આદેલ (જેના ૨૯ ઉપર ફીરસ્તાઓની ચોકી અને નબીઓની દેખ રેખ હોજો કે) જોયા વગર રેહનાર નથી. ઓ જેહાંન પામેલા ઇરાની, જોયે તે માહરી પાસ માંગ, મારૂ રાજ, માહરો તાંજ, માહરી સતા, તમાંમ માંગીને કાંમમાં લાવ, પણ એકવાર તે આદેલ અસોને સેજદો કરાવવા ખાતર માહરો રાહબર થા.” ખાલીફ હારૂનની જુબાની ઉપર તે ઇરાની દંગ રહેઓ. તે અંદેશાથી થોડો વખત ચુપ રહ્યાપછે જાણે કંઇ એક ઓહેલી બાબતથી નવાજેસ પામેઆ જેવી ઉલટમાં આવી બોળયો, “મોહટા ખાલીફા, નોકરોને હોકમ કર કે સામી રાહની ઝાડી કાપી તે સાફ કરે; અને શેકારીઓને તાકીદથી ફરમાવ, કે ભારી ચોકશી ને હોશીઆરીથી તે દરમ્યાનથી નીકલતાં ખુનખાર જાણવરોને બેજાન કરે. રાહનો સામાંન તઇઆર કરાવ કે જેઓ અકદસ હોમાયુન સાથ સોબતમાં રહે તેઓને કાંઇ ખલલ ન પોંહોંચે. બંદો ધારેછે કે આપ નામદારની મુરાદ બર આવશે. બંદા હજુરમાં ભીમીઓ રહી તન જાન ફીદા કરશે.”

ઇશલામી દરબાર બેઆલમંદ થઇ. ખાલીફ તેઓથી આજુરદા થયલો હતો તેથી તેઓની મરજી ઉપરાંત તેઓને નારાજી કરેઆ નહીં. ઇરાની તથા વજીર જાફર તથા પેલા ઇસલામી દરબારી તથા મોબેદ અને એક ખીદમતગાર સાથ તે તઇઆર થયો. ખુશબો, ગોહરો અને બેશુમાર મોતી અને જર જહવેરનાં ઉંતમ કપડાંનો પાદશાહી પોશાગ બનાવી લેવા કહ્યું. મુશક, અંબર અને અતર સુમાર વના સાથે રાખ્યું. જારે ખાલીફના હોકમ પરમાણે ફરમાબરદારોએ પેલી ઝાડી કાપી રાહ સાફ અને શેકારીઓએ ખુણખાર જાણવર મારીને દેહસત દુર કરીઆની ખબર ખાલીફને પોહોંચી, તેવારે એક મુબારેક રોજે મુબારેક વખતે આફતાબ રોશંન થતાંજ તે પાદશાહી ખાસ રસાલો લઇ હારૂન પેલા ઇરાંની મરદ પાછળ ઘોડે સ્વાર થયલો આગલ વધીઓ. પવન તુફાન ભરેલો ફુકતો હતો, અને આફતાબને ધુંજાવીને ધસડી જતો જણાતો હતો. પેહેલોજ શોહોરકો એવો થયો કે પાહાડોના પાહાડો ધસડાઇને આફતાબ ઉપર જઇ પડીને તેના કટકા કરી નાખશે, એમ ખાલીફ જોતાં ખુબ ચોંકયો. તેનો જીવ હીમત હારતો જતો હોય એમ જણાયો, દરબારીતો દાના એટલે તેથી બેપરવા પણ ખીદમતગાર બબરવા લાગો, “ના લેવા દેવા જાણી જોઇને મોહોતના પંજામાં ખાલીફ લઇ જાએછે તેથી હું ધારૂછું કે એ દેવાનો બન્યોછે.” પેલા મોબેદ તો દીન ઉપર ફીદા એટલે જાન આપવાને તઇઆર. પણ પેલા ઇરાની મરદની દલેરી અને ઘોડો ફુંકવાની છટા ઓરજ હતી. તે બેદેહસત યાહુમ ઘોડો ચલાવતો, અને વસ્તીથી ભરપુર શેહેરમાં જેમ બેદેહસત ચાલીઓ જાએ, તેમ પાહાડો ને બીઆબાંનો તે પવનના તુફાની સપાટામાં પસાર કરતો પંખી માશાલે ઉડી રેહતો હતો. તેની તોપના પીછ ઉપર હારૂનની નેત્રા હતી. તેના ઘોડાની ચાલ ઉપર તે અજાએબી પામીને વીચારમાં પડેઓ હતો. ઉમેદની માહોર લાગી હતી, પણ ફળ કેવું નીકલેછે તે જોવાને હારૂન બઉ ઇનતેજાર રેહતો હતો.

ખાલીફ હારૂન-અલ-રશીદ આદેલ નોશીરવાનના દોખમને દરવાજે પોહોંચ્યો.

પાહાડો કુડાવતો અને દેહેશતનાક ખાહી ખડકો ઓળંગાવતો પેલો ઇરાની આદર ગોસેસપની મીશાલે ખાલીફ હારૂન અને તેના સોબતીઓને લેઇ ચાલીઓ. આ જગા સાધારણ દેખાવથી જોરાવર કુદરતનો મગરૂર નમુનો હતો. ઝહુનની નદીના ફાંટાં તે પાહાડો નીચે પસાર થતા હતા. અને ન જોએલાં તનદરોસ્ત રંગ રંગીન જન જનાવરોથી તે દેખાવનો દબદબો યાદગાર તરીકે યાદદાસ્તના પાના ઉપર પડતો હતો, કે ઉંચા તે કોહેકાફના સર ઉપર જતાં માનવીને આ જમીન નજર ન આવે. કોઇ કોઇ ભારી ઉડાંણ ખાહીમાં આફતાબની મકદુર નહી કે પોતાનું એક કીરણ પણ પેસાડી શકે! ઝાડ ઝાડી કાપીને રાહ સાફ કરેલી, પણ આજુબાજુ ગંજાવર દરખતોના રાનથી હારૂનની અકલ હેરત રેહવા લાગી. કાફના સીખરે વાદલાંઓમાંથી તેઓ ઘોડે સુવાર ગોયા હવાઇ આકારો પસાર થતાં. ઘણીએક જગા-જંગલ કુદરત દમાંમથી ખીલી નીકલીને ખેઆલ ન થઇ શકે એવી રલીઆમણી બનેલી. મોહટાં મોહટાં તુફાની પવનના જોર અજમાએશ કરવાને આ આશમાનતાંઇ લાગેલી પાહાડોની તોંચ લાયક એલાજ હતો. માનવી તાંહાંથી પસાર થાએ એ વીચારવું ફકત ગરૂરી ભરેલું કેહવાય. જાંહાં એક પલનો ડુબેલો નેજારો દેહશતે હાડે હાડ ધ્રુજાવ્યા આગલ ગરક કરે એવી દેહસત ઉપજાવનારો બીઆમણો કુદરતી બાગ, પાહાડો ને કોહ ને નદીઓથી મગજે તમર લાવનાર, તાંહાં ઇનશાનની શું મકદુર! કાળા અને વેરાન કોહ ઉતરતાં, અને રોશનીથી ચમકાત ભરેલાં મથાલે ચઢતાં ફરસંગ દર ફરસંગ આગલ ચાલ્યા.

સાંજ થઇ હતી, ભભુકદાર રોશની ફેંકતો માહતાબ મશરેકથી ખીલી નીકલેઓ હતો તેનું નુર પેલા દરામના પાહાડી રસતાને ઝળકતો દેખાડીને પલે પલ રાહબરી કરતું હતુ. વાટમાં જોવાને લાયક કોહમાં પેલા માહીર ઇરાનીએ આશાએસ માટે હારૂનને જણાવ્યું, કે એકાએક તે કોહમાં એક છાંઓ પડેઓ. એક લાંબો પણ મરકુત આકાર તેઓ સામે આવી હોકમથી ઉભો. થોડા વખતમાં તે હીલીઓ, પછે તે સીધો એક બુલંદ પાહાડ ચઢી ગયો. તેણે પેલા ઇરાનીને કેશર નોશીરવાનના દોખમાનો સીધો રસતો બતાવ્યો. ઇરાની હારૂનને મુકી તે પાછલ લાગો. કે પેલો આકાર એક પછે એક બુલંદ પાહાડો કુદાવતો ચાલ્યો. તે આકાર આગલ અને ઇરાની પાછલ એમ હારૂનની નજરથી તેઓ ગુમ થયા. પેલો ગંજાવર આકાર ઘણાએક ટેકડા, ખાહી ચઢી ઉતરી એક ઉંચા ગુંમબજ પાસ કરી બેઠો. પેલો ઇરાની તે પાસ આવતાંજ નમી દોજાણું બેઠો, અને બારીકીથી ટીકી જોયછે, તો એક બુજરોગ પણ બાધુર પેહેલવાની ખમીરનો ઉંચો ગરાર જેવો માનવી દીસ્યો. તેના બદન ઉપર જંગલી ગોરખરના ચામડાનો પેહેરવાસ હતો, તેના હાથમાં ખરા એલમાસની શમશેહેર નાગી ચમકતી હતી. તેના બરેને સરના બાલ બરફ મીશાલના સપેત તે ગુસાથી ઉભા થયલા, અને તેની જીની આંખ ઝાંખી હોયાને બદલે એવીતો તેજ હતી કે ઉડાંમાં ઉંડી ખાહીને તલીએની ચીજને જોઇ શકતી હતી! તેના હાથ ઉપર માંસની તો કાંઈ નીશાન જણાતી ન હતી પણ તે ફકત એવાનો પોહોળાં હાડકાનો કુદરતી બનેલો હતો, કે ફકત તેવાજ જે ઉપર જઇપડેતો હરીફના બદનનો ખુરદે ખુરદો

કરી નાખે, છતાં એવી તેજદાર શમશેર તેણે નાગી પકડેલી કે આશાંનીથી શકત અંગને ચીભડાંની મીશાલે કાપે! જે મુસ્તફીન થઇને તે ઉભેલો તેથી પેલા ઇરાનીની હીંમત ઘડીભર હટી ગઇ. કોશેશમાં તે નીષફળ થઇ તાંહાંજ બેજાન પડે એવો નીરાસ થયો. તે બેફાંમીમાં ઉંચા મથાળેથી ગગડી પડીને જાણે હમણા નીસ્તી થયો! પણ તેટલામાં પેલા ઇનશાન કરતાં હવાને વધુ મલતા આવતા આકારે તે ઇરાનીને સલામ કરી. શમશેરનો ચમકાત નાચે પડયો. તે ફીદા જેવો દીસ્યો.

“ઓ ઇરાની પેહેલવાન ઇરાનની શાહાન-શાહાત ગુમ થયા પછે આજ એક ખરા ઇનશાનને મેં આ દરામણી સરહદમાં જોયો! શું તું ખાલીફ હારૂન અલ રશીદને કેશર નોશીરવાનની અવલ મંજલઘા દેખાડવા વાસતે લાવ્યોછે?”

હીમત મેળવી “હા તે આ જમાનાના નામીચા ખાલીફાએ મને બોલાવી તેથી વાકફ થઇને તે આદેલ નોશીરવાંન જેનાં મુબારક નામ ઉપર ઇરાન ફીદા હોજો, અને જેનો વાસો બેહેસતનાં પેહેલાં મથકમાં રેહેજો, કે તેની દાખમ જોવાની ઇનતે-જારીમાં તે દેવાના જેવો થઇને સેજદો કરવા ચાહેછે.”

“અને શું તું તેનો રાહબર! હાઃ હાઃ આપણો પાક મહજબ, વળી તે કરતાં પાકજાદ નોશીરવાનની દાખમ બતાવવી! અને ખલીફના કદમથી તે જગા ઉઠલ પાઠલ કરી નાખવી? પણ અફશોશ, તે લખ બેશક મરાયોછે, બેશક તેમ થવાને સરજત છે.”

“તારે શું મેં આ કામમાં જે કોશેશ કરીને તેની ઇનતેજારી પુરી પાડવાની હીમત ધરી તે વખાણવા જોગ છે? શું તે જમાનામાં અગમચેતી થઇ ન હતી, કે ઇશલામી મહજબનો એક ઠાંમ તે આદેલ કેશરાની પાક દુખમ જોઇને તે મરનાર શાહનશાહ તરફ હક અદા કરશે અને આવતા જમાનામાં તે ખાલીફ જશમાં નેકનામ ને મશહુરાત પામશે? આ શું બનનાર વાત નથી? જો તે બનનારજ હોય તો પછે તેની રાહબરી કરવામાં નેક થયું છે? બોલ ઓ પાહાદી વસનાર બુઝોરગ.”

“ઓ તીરનદાજ ઇરાની, મેં તને ઓલખ્યોછે. તેં કર્યું તેજ ખરૂં છે. એકબાલના બનાવ પાસ તમામ કોશેશ ફોકટ છે. આ દાહડા ખાતરજ હું આ જગો નેમાયોછું, કે તે ખાલીફ આવે તારે તેનો રાહબર થાઉં. તો ઓ નેક ઇરાની પેલા ઝલકાતમંદ કંગુરાઓ બુલંદ દેખાયછે. તે કાંઇ આપણા આદેલની ખરી દાખમ નથી, પણ પેલો છેક દુરનો સીંહા ગુમબજ તે અસો શાહાનશાહની સાબુત દુખમ છે. તે રાહથી તું દુર પડીને લાંબી રાહે હેજગાર્યામાં ના પડે, વાસતેજ મેં માહરો દેખાવ તને દીધો. આ રસતે જતાં બામદાદ તે શાહનશાહના દાખમનો દરવાજો ખોળવાને તું ફતેહ પામશે. સાંભલ ઇરાની કે તે બેહશતી આદેલ કેશરાએ ભારી ગંજ ખજાણો ખાલીફ ખાતર રાખેઓછે, ખલીફ, તે તેનેથી થયલી મદારતના બદલામાં બખશેશ તરીકે પામશે. હવે આ સામા દુખમના ગુમબજમાં હું જઇ રહું કે પછે ઘટતે વખત થતા કડાકામાં હુ તે શાહાનશાહની દાખમ સાથ આ દુનીઆથી ફારેગ છું.”

કે જેવો દેખાયો હતો તેવોજ ગુમ થઇ ગયો. પેલો ઇરાની ઘડીભર અફશોસ ને જંજાલમા ચકચુર રેહેઓ, પણ સમજયા માફક હારૂનને તે બામદાદ દાખમ ઉપર લઇ જવા તાંહાંથી પવન મીશાલ ઘોડો ફૂંકી ઉતારાવાલી ખાડીમાં અરધી રાતને

વખતે હસતે મોહ આવી લાગો. તેણે હારૂને ખાબ કસ્યો હતો, તેમાંથી જગાડયો. ખાલીફ તરતજ હોશીઆર બન્યો. પેલા ઇરાનીએ પોતાના ઘોડાને તાંહાંજ બાંધ્યો. તે બોલ્યો "નામવર ખાલીફ હારૂન આપણને હવે આ પાહાડી રાહ ઘોડેસ્વાર જવું સાજાવર નથી. પાઉંપે આડા આપણે આપણા ઇરાદાથી જઇએ, અને તે શાહનશાહના દુખમાનો દરવાજો ખોળ્યે !" ખાલીફે તે બાહુર ઇરાનીના સખુનોને તરત માન આપ્યું. તે પાઉંપેયાદોજ પોતાના સોબતીઓ સાથ તે દરામણી ધાસતી ભરેલી જગામાંથી પસાર થવા લાગો, ખાલીફે પોતાની જીંદગીમાં ન જાણેલા બુલંદમાં બુલંદ પાહાડો ચઢવાનો કશદ કરયો. ઇરાની તો ચીતા મીશાલે કુદતો પાહુમ જતો હતો. લગભગ એક પછે એક સાત બુલંદ પાહાડોના પેલા દુખમ જેવા કગુરાઓ નામદાર તલગમાં પસાર કરતાં એક પાહાડને કઠણે ઉતરયા તાંહાં ચારે પાસ નદી ફરેલી સામે એક બુલંદ પાહાડ નજર પડયો. ઇરાની તે નદીનાં પાણી પસાર કરવાના ખેઆલમાં હતો. તેવામાં પેલોજ ગંજાવર આકાર તેની નજરે પડયો. તેણે પેલાં પાણી વચેથી મછવા સાથ તરી આવીને પોતાના મછવામો પેલાઓને અંદર લેતોજ કે દુખમ તરફ ચાલ્યો પલમાં પેલા પાહાડપર પોહોંચી પોહોર ફાટવા સાથ દોખમને દરવાજે તેઓ આવી ઉભા.

ખાલીફ હારૂન–અલ–રશીદ આદેલ નોશીરવાનને શેજદો કરી નવો પોશાગ પેઢાવેછે અને તે દોખમમાં તે નામદાર શાહનશાહનો નશીઅતો તેમ આગાહ સમજેછે.

તે દરવાજો લોખંડનો હતો. તે ઉપર જરબફતનો પરદો હતો. તે ઉપર ખાલીફ હારૂન અલ રશીદે નેગાહ કરી તો "જેવું વાવશે તેવુંજ પામશે" આ હરફો વાંચવામાં આવ્યા; પણ ખાલીફ તે પરદાને હાથ લગાડે શું કે તરતજ તેના પુરજે પુરજા થઇ ગયા! ખાલીફે તો બનાએ ઇજદના બાંગે બુલંદ પોકારથી પોતાનો દસ્ત આદેલ નોશીરવાંનની દોખમના દરવાજા ઉપર મુકયો કે તે દરવાજો પલમાં ખુલી રહેઓ. હારૂન તે દોખમાંની દેવાળ જોએ શું કે તે તમાંમ સુનારૂપાંથી બનેળી; જે ઉપર બેસુબાં ગોહરના જડાવથી ઇરાનના ગુજરેલા શાહાનશાહોની શબી ચીતારેલી, જેથી દોખમ અંદરથી ગોયા આશમાંન મીશાળે રોશન દેખાતી હતી. હારૂન તે જોઇને દંગ થયો. તે બાહેર પેલા સીપા ચોકીબાનને પોહોરા ખાતર રાખીને મોટા હરખથી અંદર દાખલ થયો. દાખેલ થતાં તેણે પોતાના શોબતીઓ સાથ દોખમાની શીફાને શેજદો બજાવ્યો. જેવારે તે ખાલીફની નજર તે દરમ્યાંન ડરી, તેવારે તે જોય શું કે એક ખાલેશ બીલોરનું તખ્ત તે દુખમ વચોવચ મુકેલું છે, તે ઉપર શાહાનશાહ નોશીરવાન પાદશાહી દબદબાથી બીરાજેલો છે. જાણે બેહસતનશીન શાહાનશાહના કાલબુદમાં જીવ હોય એ રવેસ તે દીસતું હતું. ખાલીફે આ દબદબા ભરેલી તે આદેલની તખ્તનશીની જોતાંજ જમીન ઉપર સર ઘસી શેજદો કરયો. તે પોતાના મનથી તાજુબ થયો કે આદેલ નોશીરવાંન જીવતોજ લાગેછે! તે ખાલીફે મજકુર શાહનશાહનો ભારી ડર ધરયો. તે ઘણી ગંભીરતાથી તે તખ્ત પાસ ગયો. તેણે આદેલના તખતને માન ખાતર બુશા લીધા. તે ખુબ રવેસ મરનાર કેશરને જોવા લાગો.

કેશર નોશીરવાંનને ગુજરવાને એક મુદત ગુજરી હતી, તોપણ તેનો ચેહેરો અને રૂપ જીવતાં આદમી મીશાલે શલામત અને કાએમ હતાં. બદંન તેનું આખું પણ અશલ માફક શલામત અને કાએમ હતું, સબબ તે તનને મોહોટી કારીગરીથી ઓશઓઇ લગાડીને રાખેલું હતું કે તે લાંબી મુદત સુધી તકે, પણ ખાલીફા હારૂને નોશીરવાનનાં કફનને જે વખતે હાથ લગાડયો કે તે કપડાં ખાખ થાઇને હેઠલ પડયાં તેથી હારૂને તે બદલે ઊંચી કીંમતનાં પોતાની સાથે લાવેલાં કપડાં તે ઉપર ઢાંકયાં અને દાખમા ઉપરનો પરદો જે ખાખ થાઈ ગયો હતો તે જગો એક બીજો નવો પરદો ટંગાવ્યો. અને તે આખાં દાખમામાં કપુર તથા અબીર તથા બીજી ઉનચી ખોશબોઇ મેલીને તે જગો ખુશબોથી બેહેકે બેહેક બનાવી.

પાદશાહ નોશીરવાનનાં બદનમાં કાંઈ ફેરફાર થયું હોય તેવું કશું જણાયું નહી. ફકત તેનાં કાંન શફેદ થયલા હતા. એ નામવર પાદશાહનું બુજોરગ રૂવાંન જોઇને હારૂન પોતાની આંખમાં આશું લાવીને કોરાંનની એક આએત મોટા અવાજથી બોલ્યો—"મેં જે કાંઈ જોયુંછે તેપરથી બીજાઓ કે જેવોને ચશમ છે તેવાએ ચેતવણી લેવી." તે પછે હરૂનને પાદશાહ નોશીરવાનનાં તખત ઉપર કાંઇ એક લખેલુ જણાયું, તે પેહેલવી ભાશામા જોઇ પેલા સાથ લીધેલા પેહેલવી જુબાનના કામેલ મોબેદને હોકમ કીધોજે તે વાંચીને તેહેનો ખોલાશો સમજાવે. એ હોકમથી પાક દીનનાં મોબેદ તેહનો ખોલાશો કરયો કેઃ—

"આએ જેહાંન હમેશાં રેહેનારી નથી વાસતે જે શખસ આ જેહાંન ઉપર કમ ખેયાળ રાખે તેનેજ બુજોરગ કેહો."

"તું ફના થયા આગળ આ જેહાંનનું સુખ ભોગવી લે."

"તુંથી જે લોકોને ઊંચા મરતબો છે તેઓ પાસેથી જે બક્ષેશ મેળવવાની તું આશા રાખેછે તેહેવીજ બક્ષેશ તું તારેથી ઉતરતા મરતબાવાલાઓ પર સદા કરતો રેહ."

"અગર જો તું આખી દુનીઆ ફતેહ કરશે તોપણ નીધ્યાન મોહોત તારાપર ફતેહ પામી તુને એકદંમ જીહીતી લેશે."

"હોશ્યારી રાખજે કે તાહરૂં બખત તું સાથ દગલબાજી નહી કરે."

"જેવું કરશે તેવુંજ તું પામશે. તે કરતાં જીનહાર રેશ વધતી કે ઓછી પામનાર નથી."

ખલીફા હારૂને નોશીરવાંનની આંગળાંમાં એક માણેકની વીટી જોઇ ને ઉપર આ નશીહત કોતરેલી હતી કેઃ—

"જુલમ છોડી દે—નેકી કરવાને શીખ—કોઇપણ કામ ઉતાવળથી ના કર."

"અગરજો તું એક જમાના સુધી જીવતો રેહે તોપણ એક પળ કજાને યાદ કરવાથી દુર ના રેહે."

"તમ મ સંસારી માયા કરતાં શેયાણાં અને અકલમંદોની શોબતને કીંમતી કરીને જાણ."

પાદશાહ નોશીરવાંનની જમણી બાજુપર એક શુનાનો બાજુબંધ હતો તે ઉપર આ લેખ હતો કેઃ—

"આ વરશનાં અરદીબેહેશત મહીનાના ૧૦ મા રોજે માહરી દુખમમાં મુશલમાની મહજબનો મુરંબી ખલીફો ચેઆર નેક જણા અને એક બદખશલત મલી પાંચ આદમીઓને લેઇને માહરૂં દાખમું જોવા અને મને શેજદો કરવા ખાતર તજદી લઇ આવશે."

ઉપલી આઆઇ હેઠલ હારૂન પોતાના બાપબપાવા તથા તમાંમ ખાંનદાંનનાં નામે

વીગતવાર જોઇ હેર. ...હારૂન પાદશાહ નોશીરવાંનનું દોખમું જોવા માટે આવશે તે વીશે એક બીજી અમમયેતી હેઠલ લખ્યા પ્રમાંણે કોતરેલી હારૂને જાણી કેઃ—

"એ પાદશાહ મને આબરૂ ઇજત આપશે. અને જોપણ માહરૂં તે કેશર ઉપર કશું પોહચતું નથી, તોપણ તે માહરા હકમાં નેક બજાવશે, મહને નવા કફન પેઢાવશે તથા માહરાં દોખમાં દરમ્યાંન ખોશબોઇ ભરેલાં અતર છાંટશે. પણ તેની સાથે જે બદ આદમી આવશે તે માહારી સાથ દગલબાજીથી ચાલશે. હું ખોદા-ઓ-તાલાને અરજ કરૂંછું કે માહારી ઓલાદના એક માનવીને મોકલે કે તે એ ખલીફની મોહોટી બક્ષેશનો બદલો વાળે અને તેહેનાં કમીનાં શાબતી પર ફીનો લીએ!! માહરા તખત હેઠલ એક કોટરેલો તખતો છે તે ખલીફાએ ધ્યાનથી વાંચો તે દરમ્યાનનો નીરજીત હદીયો તે મંજુર કરશે. તે ગંજખજાના શીવાએ બીજું હું આપી શકતો નથી તે વીશે તે નેકનામ મને દરગુજર કરશે."

આ અજાએબ વીગત જાણ્યાથી ખલીફાએ તે તખત નીચે પોતાનો હાથ ઘાંલ્યો કે તેહાંથી એક કોતરેલો માણેકનો તખતો તેને મળ્યો કે જે તખતો હાથની હથેલી કરતાં મોહટો હતો. તે તખતા ઉપર કઇક હરફો પેહેલવી ભાશામાં કોતરેલા હતા. ખાએદ વાંચતાં હારૂન ખાતર કીમતી હથીઆરોનો તથા એમુળાં જહવેરાતોનો ખજાંનો જે ઠેકાંણે હતો તે તેણે જણાયું! જારે તે જહવેરનાં ચરૂઓ ખાળી કાઢેઆ તારે તેઉપર આ પેહેલવી હરફો કોતરેલા હતા.

"ખલીફ હારૂને માહરી સાથે જે નેકી કરીછે તેનાં બદલામાં આ ખજાણો હું તેને બખશુંછું, જે ખજાણો ખલીફાએ લઇને મને માન આપવું."

આ તમાંમ ગંજ ખજાણો જોઇને પેલા બુજોરગ ઇશલામી દરબારી હોશેન બીન સુલેમાનની નજર ફરી. તેણે પોતાના ખાલીફાને દમાંમથીજ કહ્યું કેઃ—

"ઓ જમાનાને દબદબા ભરેલા કરનાર ખાલીફા આ તમાંમ જર ઝવેર અને એમુળાં ગોહરો જે દરેક એકેક પાદશાહાતની કીમતનાં છે, તે ગંજનું મુઆ માનવીનાં હાડ પાસ શું કામ હોય? હોકમ હોય તો એમાંના થોડાંએક હું પોતે લેવું."

ખાલીફ આ રવેસના ઉલટી ઇમાંનદારીનાં શુખનો સાંભળીને હોશેન બીન સુલેમાનને કેહવા લાગો કેઃ—

"ઓ નાદાંન બેઇજત તું આ શું શુખન બોલ્યો? બેવફા ને નીચ માનવી કરતા પણ નાલાએક ચાલથી તેં તાહરી આ બુજોરગીને ડુબાડીછે. મોટાં અને સ્યાણા આદમીને આ માંગણી ઘટે નહી. બલકે એ રવેસની નીચ માંગણી લુટારા ચોરોનેજ છાજેછે. આ ઠપકાથી પેલો રાજદરબારી શરમીંદો થયો. ખાલીફ ગોસામાંજ પણ પ્યાર ભરેલી નેઘાથી પેલા બાધુર ઇરાની સાથ દોખમ બાહેર આવ્યો. તેણે પેલા ચોકીબાનને કેશર નોશીરવાંનને શેજદો કરવા મોકલ્યો.

શાહનશાહ નોશીરવાંનની આગાઇ ખાલીફ હારૂન-અલ-રશીદે ખરી પડેલી જોઇ. આદેલ નોશીરવાનનો ખજાનો ને નશીઅત લઈ ખાલીફ તાંહથી પાછો ફરેછે.

પેલા ખેદમતગાર સવાર અંદર જઇને જોતાંજ એમુળ ગંજ ખજાનાથી લલચાયો, તેણે તે મતા હાથ કરવા હજાર ખ્યાળ શકતી ચલાવી, પણ તે એમુળો ગંજ પોતા

પાસ છુપાવાને જોખમ ભરેલું સમજયો. તેણે પાપી દીલથી કેશર નોશરવાનના રૂવાંનને શેજદો કરયો, ઉઠતાં તેણે પોતાની નેગ્રા તે મરનાર શાહનશાહના તન ઉપર બારીકીથી કીધી. તે વખત તે મુશલમીનની નજર તે આશા રૂવાનની આંગળીએ પેહેરેલી બેમુળી વીતી ઉપર ગઇ. તે તરત તેણે હીમતથી કાઢી પોતાના બખ્તરમાં છુપાવી, અને પાછો ફરયો. ખાલીફ હારૂન અલ રશીદ તે ખેદમતગારને જોતાંજ પામી ગયો, કે તે બુરાં આદમીના ચેહરાનો રંગ બીલકુલ સપેત મારયોછે, અને તે તકશીરવાર ચેહેરાથી જોયછે. આ રવેશની મરહુમ શાહાનશાહની આગાઇ ખરી પડેલી સમજીને હારૂન અજબ રહ્યો. તેણે તાલથી પોતાની સાથના પેલા ઇરાનીને કહી જણાવ્યું કે:—

"નેક કેશર નોશીરવાંને જે અગમચેતી અને જાણ કરીછે, તે તમામ ખરી પડીછે. તો તે અગમચેતી પ્રમાણે આપણી સાથ એક બુરૂં માણસ આવ્યું જોયે, વાસતે તલાસ કરાને તમામ જણના બદન ખોળ્યે કે કોણે તે નેક શાહાનશાહ સાથ બુરાઇ ને લાલચપા મર-ગરજાન ગુનાહ કરયો છે!"

ઇરાની તે સાંભળી તવાજો અને અદબ બજાવીને બોલ્યો કે:—

"ઓ જેહાંનના નામવર ખાલીફા આપણે તો પાંચજણ સાથ દોખમ દરમ્યાન ગયા હતા. આપ નેઘા હજુર શેજદો બજાવી ફરયા હતા, પણ પેલો ખેદમતગાર તનહા ગયોછે તેને તપાસવો લાજેમ છે. જો તે તપાસમાં સપડાય તો તે નેકનામ હક અદલ નોશરવાનની અગમચેતી અજાએબી પમાડનાર ઠરેછે. તે એજમતી શાહાનશાહે જે પોતા બાબે કહ્યું અને જણાવ્યું, તે જારે રૂસ તપાવતે પણ ઉલટું ઠર્યું નહી તો કોઇ પાપી ને રજાળો માણસ આપણા દરમ્યાન નીકળવોજ જોયે, હું ધારૂંછું કે ખેદમતગારે દગ્યાનતમાં બેઆનત અને જાનપર જાસતી ઉપજાવીછે. તેના મોહનો રંગ તેના કામની કાલજી કેહનાર પકું કીમીઉં જણાયછે."

ખાલીફ ઇરાંનીની બુજોરગની બાહોશ જુબાનીથી દંગ થાઇ તરત હોકમથી ખેદમતગારના કાડા લેવડાવ્યા, કે ઇરાનીએ કરેલી અટકલ રાસત ઠરી. ગોયા તે ઇરાનીએ તે વખતે આગાઈ કેહવાનો દાવોજ સાબેત કરયો.

ખાલીફ પેલા ઇરાંની મરદ શાથ દીલગીર ચેહરે પણ ભારી હોશયારીથી દોખમમાં પાછો ગયો. ફરી શેજદો બજાવ્યો. ફરી તે બનામે ઇજદના નામથી ઉઠયો. અને મરનાર આદેલ નોશીરવાનની આંગળીએ પેલી બેમુળી અંગુઠી પેહડાવી પેલા ચબરાક ઇરાની સાથ બાહેર નીકળ્યો કે લરજો થઇને જમીન હીજી. જાણે જેહાન ગરક જતી હોય તેમ આશમાંન ને જમીન ફરવા લાગાં. પેલો અસલી લાંબો આકાર તેઓ પાસથી ફરી ગયો, કે એક વાદળ ગરજે તેવો મોહટો કડાકો થયો, એક ગેબી અવાજે હારૂનને શલામ બજાવી કે તે દોખમ માનવી જાતની નજર અને માનવી જાતની જેહાંનથી ગુમ થયી. ખાલીફ, ઇરાંની અને પેલા ચાર શખસો તાજુબ થઇ જોતા રહ્યા. સઉ પાહાડ સરખા થતાં પવનની જંગલી ખુશબોદાર ઝરી તેઓને વાગવા લાગી. ખાલીફ પોતાનાં મોજેજા ભરેલા ઇરાની શોબતી સાથ પેલા બતાવેલા ખજાનાની ખોળમાં મશગુલ થયો. અને જારે તેનો પટો હાથ લાગો તારે તે ખજાનો બગદાદ મંગાવી લેવાના ખાશ હોકમ તેણે પોતાનાં ચુનનદા શરદારો ઉપર કસ્યા, કે તેઓ જોઇતા શરનજામ શાથ બોલ બોલતાં તાંહાં આવી લાગા. ખજાનાનું એક સંગેમરમરનું બાંધેલું એવાંન હતું તે દરમ્યાન પાંચ ગંજ પોલાદી હથીઆરના, દશ ગંજ ખાલેશ સુનાના, વીશ ગંજ બેમુળાં ગોહરનાં

તે દરમ્યાન એક પેનુના નાજુકા તખતી લગભગ ચોરસફૂટ હતી, તે ઉપર ખુશ પેહેલવી ખતે લખેલું હતું તે મોજેદ વાંચ્યું કેઃ—

"જેને પાદશાહી નહી, તેને કાંઈ દુનીઆની લેહેજત નહી. જેને પૈસો નહી તેને કાંઇ આબરૂ નહી. જેને ઘેર ફરજંન નહી તેને કાંઇ ખુશી નહી."

બીજી તખતી ખાલેશ ગોહરની હતી તે દરમ્યાંન મોજેદ વાંચ્યું કેઃ—

"જેટલું તું દુનીઆમાં પેદા કરે તેટલું ખા અને બક્ષેશ કર, જમાવ કરેલો ગંજ જોઇ તાહરાં ફરજંન કીનામાં ઉશકેરાશે, અને એવાં તોફાન ઉપર ચઢશે કે તાહરો દીનપણ યાદ કરશે નહી, જે ફરજંન ઘણો ગંજ પામશે તે ઘણો ખુશી થશે. જેને થોડું મળશે તે દુઃખી થઇ તને મુઆ પાછળ બદ બોલશે, વાસતે મેલવે તે ખા પી અને બક્ષેશ કર."

જારે ખજાણો ખોળ્યો અને તે બાહેર કાઢ્યો તારે તે દરમ્યાંન એક પાદશાહાતને જેબ દેનાર બહુ બેકીમત પાંચ બાજુવાળુ તાજ હતું. તે કીમતી ગોહરો જડીત તાજ ઉપર પેહેલવીમાં નશીહતો હતી, તે મોજેદ વાંચી કેઃ—

બાજુ પહેલી—પોતાને પીછાણનારાઓને માહરી શલામ કહે. હરેક કામ શીરૂ કર્યા આગળ અંજામ વીચાર. કોઇ ઉપર ધસારો કર્યા આગળ પાછળ હટવાના મારગની જોગવાઇ કરી રાખ. કોઇને પણ હકનાહક દુખ દેવાથી દુર રેહ. બધી ખલકતને સુખના ઉપાય કર. બીજાઓને દુખ દેવાની શકતી એ ઇનશાન તાહરા પોતામાં સમજી તું મોટાઇ ના માણ."

બાજુ બીજી—કાંઇપણ કામ મંડાણ કરવા આગળ બીજાઓની મસલહત લે, પણ તે પુરૂં કરવાનો ભરૂશો અજાણા ઉપર ના રાખ. પોતાની જીંદગાની માટે પોતાની દોલત અને પોતાના ધરમ વાસતે જાન ફીદા કર. નેકનામી મેળવવા બખત ખરચ. દોસત મેળવવા સબુરી પકડવા શીખ."

બાજુ તીજી—"ભાગી તુકડા થઇ જનારી, ચોરાઇ લુટાઇ ગુમ થનારી, બળી જલી ભશંમ થનારી, એવી જે ચીજ તે વાસતે બીલકુલ તું અફશોશ ના કર. પારકા ઘરમાં હરગીઝ હોકમ ના ચલાવ. તાહરી પોતાની રોટલી તાહરા પોતાના બીસતરા ઉપર નીઆમત સમજવાની તેવ રાખ. ઓરત જાતના ફાંદામાં ના ફસ."

બાજુ ચોથી—"બદ કબીલાની છોકરી સાથ લગન કરવાથી વેગળો રહે. બેશરમ સાથ બેશવાથી પરહેજ રેહ. કબી સુધરનાર નહી એવા જે બદીમાં ગીરફતાર થયેલા તેઓથી દુર રેહ. મેહરબાંનીની કદર નહી બુજનારાઓ સાથ મળી બેશવા અને વેહવાર પાડવાથી પછાત રેહ. બીજાના અશબાબ ઉપર લાલચ ના પકડ. પાદશાહથી સાવધ રેહ કે આતશ અને પાદશાહ ગોયા એક ખમીરછે. તે સળગીયાથી પોતાની આસ-પાસનું નામ નીશાન નાબુદ કરેછે. તું પોતાના તેમ બીજાના ગુણની કીમતની કદર સમજ. મોહોટા સાથ લડવાથી માકુફ રેહ."

બાજુ પાંચમી—"તખત તાજદારોથી, નાજની ઓરતોથી. અને ચાહુરીના કરનારાઓથી ડર. કોઇની અદેખાઇ તેમ એબ ધરવાની આદતથી હાથ ઉઠાવ. ચુપ્પી રેહવાની તેવ પકડ, ગુસો ના કર કે તે કર્યાથી તાહરો ભવ પસતાવામાં ગુજરશે. તું પોતાના કુટુંબની અબળાઓને ઇજત મરતબાથી રાખીને મેહેરબાનીથી ઉધાર. રોપ નવું બી કે તે ઝાડમાં બીજી મોટું થઇ કોઇ દીન તુને કામ આવે. ખરચ કમાઇ અંદર રાખ. પગ જોઇ પાથરણું તાણ. બનતું કામ બજાવ."

હારૂન-અલ-રસીદને પેલો ઇરાની [illegible] ાજેશ કરી પોતાને વતન પાછો ફરેછે. હક નોશીરવાન આદેલના ખજાના સાથ ખાલીફ બગદાદમાં દાખલ થાયછે.

કેશર નોશીરવાનનો બક્ષેલો બેકીમતી ગંજ અને તે કરતાં વધુ બેકીમતી નશીહતનો જોડો એથી તે ખાલીફે કેઆ-નીઓ બાબે હેરતમંદ મત બાંધ્યું. તે પાહાડ કોહથી ઘેરાયલું મોહટું મેદાંન ખાલીફના મન ઉપર કારી અસર કરનાર થયું. તેણે ઇરાનીને જોઇ કહ્યું "ઓ બાહુર ઓલાદી જોયે તે તું આ ગંજ ખજાણામાંથી માંગી લે. તારી હીમત અને ઉલટથી મેં માહરી મુરાદ પામતાં આ ગંજનો હદીયો મેળવ્યો. અજાએબીતો એ છે કે જે ગંજ ખજાનાની રેશ કોઇપણ પાદશાહ જીવતાં બીજા પાદશાહની મુલાકાતે ન નવાજે તેવો બેમુળો અને બેશુમાર ગંજ તે નુરી નોશીરવાને પોતાના મોહોત પછે મંને નવાજ્યો! આ અજમતી ઇરાની જોયે તે તું લે કે ખાલીફને પાછલો જમાનો બેકદર નહી ગણે. તાહરી હીમત અને જંજાળ જેહેમત એટલી થઇછે કે કદાચ માહરી પાશ બીજો ગંજ આ વખત હોયતો તેથી તું બુલંદ કદના ઇરાનીને નવાજવામાં પછાત નહી પડું, પણ એટલું માગુછું કે આ તખતી કે તાજ કે માણકનો ટુકડાનો ખ્યાળ નહી કરે."

તે શખુન સાંભળતાંજ ઇરાનીએ ઝડફથી હારૂનને શેજદો બજાવ્યો, પછે પોતાના બખતરની કરી ખોળીને એક ગોહરનો પાસાદાર ગોળ દરો કાઢયો, જે આપતાં આપતાં બોલ્યો ને ચાલ્યો કે "ઓ નેકનાંમ ખાલીફા માહરી પાસ ગંજે ખજાનાની કાંઇ કોટાઈ નથી. આ માહરો જમાનો બુઢાપામાં ફેરવાયોછે તેથી આકેબત અજલ માહરી ઉપર ભમેછે; તાંહાં તું આલીશાની નીશાન કે યાદની મને જરૂર નથી. હું મહજબ તેમ જમાનાથી જુદોજ ધનશાન છું. માહરી ઉપર જુદાજ કેશરની બાદશાહી ને હાકમી ચાલીછે. તેની યાદગાર જીનસોથી માહરાં ભંડારો ભરપુરછે. વાસતે મને તું નામદારની કોઇ બક્ષેશ પરવરે નહી. મને તો ઓ જેહાંનરીન ખાલીફા તુંએ માહરા મરહુમ કેશરની જારત કરી તેના બદળામાં કાંઇ બેકીંમતી બક્ષવું જોયે. આ ગોળ લખોટો ખાલેશ ગોહરનો પાશાદાર કરેલો કટકો છે, એની કીમત એના આબ મે ઝળકાટથી આશકાર થાયછે. ગમે એવી સીહારાતે એ ગોહરી શેતારો કોઇ બીઆ-બાંનમાં મુક, અને જો કે તે શું ઝળકાત ને ઉજાસથી ચળકે છે. એ લે, અને દીલમાં યાદ રાખ કે તારાજ ને પાયામાલ ઇરાની ટોળામાં હજી એક બાહુર પણ નાચાર ઇરાંની વસેછે તે પાદશાહી ગંજ ખજાનાની દરકારથી દુર છે. તેણે પોતાની કોમને પાયામાલ કરનાર કોમના વડાના મનની મુરાદ બર લાવવા આ બુઢાપામાં જેહમત બેંચીછે, અને મુરાદ ધરાવનાર મહજબ દુશમને જે નેકી ને હોંસ કેશર નોશરવાંન માટે બતાવી, તેની કદર અને અજાએ-બામાં આ બેમુળું ગોહર જેની જોડ કદાચજ શાહાનશાહોના ગંજ ખજાણામાં હશે તે બખશ્યું છે."

એ બોલતાં જાંહાંથી તેઓ પાઉપેઆદા થયા હતા, તાંહાં આવી લાગતાંજ ચીતા મીશાળે પેલા ઇરાનીએ કુદી હારૂનને શલામ અલેક બજાવી ઘોડા ઉપર સવાર થતાંજ એડ લગાવી કે પવન કરતાં વધુ ઝરફે તે પાહાડો ને ખરકો કુદાવતો ખાલીફ હારૂન અલ રશીદ અને તેની નામવર મીજલશની નેષાથી ગુમ થયો. છેલી બેમુળી બક્ષેશ ને તે

ઇરાનીનું ગંભીર .. નવું હારૂને ખુબ ધ્યાનથી મનમાં લીધું. તે આ વખતે જાણે કોઇ પેઆરામાં પ્યારી વસ્તુ ખોહી રેહા જેવા દીલગીર ચેહેરે બેફામ ઉભો હતો.

વખત, ઓ બલવંત વખત તાહરા ફેરફારમા સઉ અટવાયછે. તું ગોયા સીંહને સસલું ને સસલાને સીંહ બનાવનાર જાદુઇ તલેશમ છે. જેના જોર પાસ જેહાંન લરજતી ને નમતી, જેના રોબપાસ શાહાન-શાહો બેરોબ હતા, જેની પાદશાહીથી બીજી પાદશાહાતો હલકી ને નીચી હતી, જેના પેહેલવાનો જેવા જેહાંનમાં જંગીઓ નહી, જેના હથીઆર જેવા કારી કોઇ હથીઆર નહી, જેની ગુલામગીરીમાં ફતેહ હાથ જોડી રહેલી, જેના સર નીચે આફતાબ ને માહતાબ અને જેના પગ નીચે આશમાંન ને શીતારા, જે ઉપર કોઇ જાતની અસર કરે નહી. જે જોવો તે પાસ તો તાંહાં નીરજીવ, તેવી જે ઇરાનની પાદશાહાત, તેવા જે ઇરાનીઓ, તે હાલમાં હારૂનની જાઓજલાલી પાસ કાંઇ નહી. એક પણ ન રહ્યો કે પાછી વતનની ઉમેદ તાજી થાય. અરે વખત, ઓ વખત, તાહરા દાવપેચમાં ડાહાઓ ડમડીમાં ને મુરખાઓ મોહોરમાં પુજાએછે.

ખાલીફ ભારી દબદબાથી કેશર નોશીરવાંનના ગંજ ખજાણા સાથ મદાયનથી બગદાદ જવા તઇઆર થયો. તે મંજલ દર મંજલ મઠક ને ઉતારો કરતાં તથા પાદશાહી નવાજેશ ને મરતબે પુજાતાં બગદાદના સુંદર દરવાજે આવી લાગો. બાહેરજ પાદશાહી દેહરાઓ ખેંચાયા. પેલા ખેદમતગારને બગદાદની દરબારમાં મોહટી હીનઃસતીમાં ગરકાર કરી કાઢયો. પેલા દરબારીને સારી દરબારમાં શરમાવ્યો, અને જે નશીહતો પેહેલવી હતી, તે પોતાની ભાષામાં ઉતરાવી તેની કેતાબો બનાવી જાબજા પ્રગટ કરી. એક શુનેરી પતરાં ઉપર તે કોટરાવી દરબારને મુખરે ટંગાવી. પેલા મોબેદને પછે સારી નવાજેશથી ભરપુર કરીને રજા આપી. માવલ-ઉલ-નહેર તો ખાલીફના આવ્યાથી નવરોજના તેહેવાર મીશાળે ખુશ ખુશાળીની રામશનીમાં ખીળી રહ્યા. ગણતરી વગરના ચેરાગોથી તે સરજમીન શેતાગલોકું આશમાન થયું. તેને તે ખરા આશમાનની ખુબશુરતી ઝાંખી પાડી. નીમસબે ખાલીફ તે જાઓ-જલાલી સાથ બગદાદમાં દાખલ થયો. દરેક જગો રામસનીઓના રાગ, દરેક જગો ઇશક અને રંગ અને તેજ, દરેક જગો ખયાળ ને ગુમાન ને કેફ, જાણે બગદાદ સરબતથી કેફી થયલું મીથી માવજતમાં મસ્ત હતું. નોશીરવાંનનો બખશેલો ખજાનો આ રોશનીમાથી ચળકતો ચાલ્યો. ખાલીફે તે ખજાનામાંથી આખા બગદાદને લાયક નવાજેશ કરી. તેણે જુબીદને તો ગળામાં પેહરવા પેલી અજબ તખતી, સરપર મુકવા બેમુળ તાજ અને કપાળે લટકાવવા પેલો ઇરાની ગોહર ગોળો બખશ્યો. એક બેમુળો બાજુબંદ પોતે બાજુ ઉપર લટકાવ્યો. દરેક જનાનખાનું, દરેક માશુક અને દરેક રંગીળી બાંદી ઉપર તે લાયક
વરસાવી ખાલીફે તે ખજાનાનો
ઉપિયોગ કીધો, લેકીન તેમાં
ખાળી થયું હોય એમ દી
પાદશાહી ખજાનો આ ખ
થયો. સારા માવલ-હુલ-નો
રાત દીવસ કરતાં વ
ગુજાર્યા પછે જેવાર
પેહલો શરારો ખેંચ
ખાલીફની મશ
ખાલીફે જરના
કે અલ્લા! આ
તે નુર નોશ
ફીરદુશમાં
છેલો લ

સ મા પ્ત